વિશ્વવાણી

સમર્પણ

Vol. 37 - Issue 4 | April 2024 | Rs. 10/-

પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કરવા માટે કયા અવરોધો છે? તેના ઉપર કેવી રીતે વિજય પ્રાપ્ત કરવો?

April
2024

વિશ્વવાણી
સમર્પણ

પ્રકાશન કાર્યાલય :
૧-૧૦-૨૮/૨૪૭, આનંદપુરમ, કુશાયગુડા, ઈ.સી.આઈ.એલ.
પો.ઓ. હૈદરાબાદ - ૦૪૦-૨૭૧૨૫૫૫૭.
ઈ-મેઈલ : samrpan@vishwavani.org

વહીવટી કાર્યાલય :
૨૦, રઘુલ સ્ટ્રીટ, ટી.એમ.પી. નગર, પુદુર,
આમ્બાતુર, ચૈન્નાઈ - ૬૦૦૦૫૩
ઈ-મેઈલ : vishwavaninet@vishwavani.Org

વિશ્વવાણી સેવાકાર્યનું આ મેગેઝીન તમિલ,
મલયાલમ, તેલુગુ, કન્નડ,
મરાઠી, ગુજરાતી, હિન્દી, ઓડિશા, બંગાળી,
અંગ્રેજી, કોકબોરોક અને સૌરા
ભાષાઓમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે.
વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- છે.



અનુક્રમણિકા

૦૨) મનનના મુદ્દા
૦૩) એક્ઝિક્યૂટિવ ડાયરેક્ટરનો પત્ર
૦૭) પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કરવા માટે કયા અવરોધો છે? તેના ઉપર કેવી રીતે વિજય પ્રાપ્ત કરવો?
૧૦) ઈસુ દેવનો દિકરો છે.
૧૪) મૃદુલ લાગણીઓ
૨૦) નેટવર્ક ચેરમેન તરફથી
૨૨) અવરોધોને પાર કરીને
૨૫) ક્ષેત્ર સમાચાર

મનનના મુદ્દાઓઃ

- એવા લોકો છે જેઓ અવરોધો જોઈને ઉતાવળમાં દોડી જાય છે. બહાર સિંહ છે નીતિ ૨૨:૧૩. શેરીઓમાં પવન છે, આકાશમાં વાદળો છે, સભા. ૧૧:૪. એવા લોકો છે જેઓ હિંમતથી કહીને ચાલે છે, હું રાજા પાસે જઈશ. જો હું નાશ પામું, તો હું નાશ પામું. (એસ્તેર ૪:૧૬)
- જો તમે અવરોધોનો પીછો કરો છો, પ્રાર્થનામાં સામનો કરો. પછી જે અવરોધોનો તમારી પ્રગતિની વિરુદ્ધમાં આવે છે તે દરેક તમારાથી દૂર થશે.
- જો અવરોધો મનુષ્ય તરફથી આવે છે તો તેનો સામનો કરો. જો અવરોધો ઈશ્વર તરફથી આવે છે તો તમે તેના પર મનન કરો.
- આપણી આગળ જનાર જ્યાં સુધી અવરોધો દૂર કરે છે ત્યારે અપણે અવરોધો જોઈ શકાતા નથી. જો તે આપણી આગળ જતો નથી તો ઘાસ પણ આપણાં પગને ઠોકર મારી શકે છે.
- જે લોકો હેતુ સાથે જીવે છે, તેઓ પાસે અવરોધો જોવા માટે સમય નથી. તેઓનો હેતુ છે કે કોટ બાંધવાનું કામ પૂર્ણ કરવું. (નહેમ્યા ૬:૧૪,૧૫)
- યુસફ જ્યાં પણ ગયો ત્યાં અવરોધોનો સામનો કર્યો હતો.જેમ તેના ઉપર કુદી પડ્યો ત્યારે તે મહેલમાં પહોંચી ગયો.
- જો કે સૈન્ય ધ્રુજી ઊઠ્યું અવરોધો જોઈને, દાઉદ ધ્રુજતો ન હતો. તેનું કારણ તેનો વિશ્વાસ હતો.
- જે લોકો ઘુંટણો ઉપર લડવાનું જાણે છે તેઓ અવરોધોને પગથિયાના પથ્થર બનાવે છે.
- પ્રભુ ઈસુને પ્રગટ કરવા તે આપણી ફરજ છે, અવરોધો દૂર કરવાની ફરજ પ્રભુ ઈસુની છે.
- જો લોકો અવરોધો છે તો સેવાક્ષેત્ર શરૂ કરી શકાતું નથી. જો સહકાર્યકરો અવરોધો છે તો સેવાકાર્ય વૃદ્ધિ પામી શકતું નથી. જો મોજા અવરોધો છે તો કિનારે પહોંચી શકાતું નથી.
- ત્યાં ડર નથી. જઓ વિજય આપનાર પ્રભુને કહે છે પ્રભુની સ્તુતિ થાઓ, ત્યાં વિજય નથી, જયાં તે પ્રમાણે કહેવાનું જાણતા નથી.
- જેઓ પોતા ઉપર પ્રતિબંધ રાખીને સાંકડા માર્ગે ચાલે છે ત્યાં ઉઝરડા નથી.

એક્ઝિક્યુટીવ ડિરેક્ટરનો પત્ર...

પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે મૃત્યુમાંથી ફરીથી સજીવન થયા છે અને જે સદાકાળ જીવે છે, તેમના પરાક્રમી નામમાં તમને સલામ પાઠવું છું!

સૌથી વધુ આશીર્વાદીત નાણાકીય વર્ષ:

પ્રિય મિત્રો, છેલ્લું નાણાકીય વર્ષ ફળદાયી રહ્યું. અમે ઈશ્વરના બળવાન હાથ દ્વારા ઘણા અવરોધો દૂર કર્યા છે. અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ કે જેમણે તેમની કૃપાથી અમને બીજું નાણાકીય વર્ષ શરુ કરવામાં સક્ષમ બનાવ્યા છે, તમારી પ્રાર્થના, ઉદાર દાન અને સમર્થન અમારા માટે ફાયદાકારક હતા.

આ નવા નાણાકીય વર્ષમાં અમે ૧૪૦૦ નવા સેવકો દ્વારા ૭૦૦૦ નવા ગામો સુધી પહોંચવા જઈ રહ્યા છીએ. અમે નવા ૧૫૦ નવા પ્રભુમંદિર પણ ઉભા કરવા જઈ રહ્યા છીએ. આ માટે અમારે ૧૧૦ કરોડ રૂપિયાની જરૂર છે. અમે સેવા ક્ષેત્રોમાં 'ઘણાં ફળ' આપવાનું આયોજન કરવા જઈ રહ્યાં છીએ. અમે ખુશ છીએ કે તમે પણ આ સેવાના એક ભાગ છો. ઈશ્વરનો સામર્થ્યશાળી હાથ અવરોધોને દૂર કરશે અને લક્ષ્ય સુધી પહોંચવામાં મદદ કરશે એવા દઢ વિશ્વાસ સાથે અમે આગળ વધી રહ્યા છીએ. હાલેલુયા.

તમે પ્રાર્થના ભાગીદાર બની શકો છો, તમારા વિસ્તારના સ્વૈચ્છિક રીતે પ્રતિનિધિ બની શકો છો, વિશ્વ વાણી બચત પેટી દ્વારા દરરોજ ઓછામાં ઓછા રૂ. ૧૦ દાન કરી શકો છો, ગામમાં સુવાર્તા ફેલાવવા માટે કુટુંબ, જૂથ અથવા મંડળી તરીકે માસિક રૂ. ૪૦૦૦નું દાન કરી શકો છો, એક પ્રભુમંદિર બાંધકામ પણ કરી શકો છો. સેવા ક્ષેત્રમાં પ્રભુમંદિર અથવા પ્રમોશનલ કાર્ય માટે વિશેષ દાન આપી શકો છો. તે જ સમયે, જો તમે અન્ય લોકોને સેવાનો પરિચય આપવા જઈ રહ્યા છો, તો અમે ઘણા અવરોધોને દૂર કરીને લક્ષ્ય સુધી પહોંચી શકીશું. આવો આપણે ઈશ્વરનું રાજ્ય બાંધીએ.

સુવાર્તા પ્રગટ કરવામાં અવરોધો :

ઈતિહાસ જણાવે છે કે ઈસુ ખ્રિસ્તની ભવ્ય સુવાર્તા પ્રથમ સદીથી લઈને ૨૧મી સદી સુધી જાગૃતિ કરવામાં આવી હતી અને તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એ જ કારણ છે કે, મંડળીની સંખ્યામાં વધારો થયો છે. પુનરુત્થાન માટે સુવાર્તિક સંસ્થાઓ અને સુવાર્તિકોએ ભારે જહેમત ઉઠાવી છે. આજે પણ સુવાર્તા જાહેર કરવામાં તેમનો ઉત્સાહ ઓછો થયો નથી. આપણે સ્વીકારવાની જરૂર છે કે સુવાર્તા જાહેર કરવામાં અવરોધો છે. આ અવરોધો માટેના કેટલાક કારણો નીચે મુજબ છે:

સામાજિક કારણો :

૧. ખોટી કલ્પના સાથેનો આરોપ કે ખ્રિસ્તી અનુભવ, આરાધના અને સુવાર્તા

બળજબરીથી ધર્માન્તરણ છે.

૨. સેવકો અને વિશ્વાસુઓને તેમની ખ્રિસ્તી માન્યતા માટે ત્રાસ આપવામાં આવે છે અને તે તેમને ખ્રિસ્તનો સ્વીકાર કરવાની ફરજ પાડવામાં આવે છે. તેઓ મુળભુત જરૂરિયાતોમાંથી પાછી ખેંચી લેવામાં આવે છે. સુવાર્તાની ઘોષણા આ દબાણયુક્ત અવરોધોને કારણે થોડી સુસ્ત છે.

૩. ઉચ્ચ હોદ્દા પર ખ્રિસ્તી નેતાઓનો સામેલગીરીનો અભાવ.

મંડળીના કારણો :

૧. વ્યક્તિગત પ્રચારના મહત્વને લગતા મંડળીમાં પૂરતા શિક્ષણનો અભાવ જોવા મળે છે. સુવાર્તા કાર્યમાં ફળરહિત જોવા મળે છે.

૨. પ્રભુમંદિર કે જેઓ સુવાર્તા પ્રગટ કરવા માટે બોજ સાથે પ્રાર્થના કરવાની જગ્યાએ તેઓ વ્યક્તિગત કારણોને મહત્વ આપે છે.

૩. જેમણે એકવાર પણ સુવાર્તા સાંભળી નથી તેમની સાથે સુવાર્તા વહેંચવામાં લોકોને રસ નથી જે લોકોએ ઘણી વખત સુવાર્તા સાંભળી છે તેવા લોકોમાં જ સેવા કરવામાં રસ છે.

૪. સુવાર્તા પ્રગટ કરવામાં પ્રતિબદ્ધતાનો અભાવ છે, કારણ કે તેઓને લાગે છે કે તેમના માટે કોઈ વ્યક્તિગત લાભ નથી અથવા બલિદાનનો અભાવ છે.

૫. સુવાર્તા કાર્યમાં ભાગ લેવા માટે રસનો અભાવ અને તેથી બહાનાઓ આપી તે કાર્ય મુલતવી રાખવામાં આવે છે.

સેવકો અને વિશ્વાસીઓ :

૧. મંતવ્યોના મતભેદોને કારણે વ્યક્તિગત તકરાર ઊભેલી છે.

૨. સેવા અને પગાર પ્રત્યે અસંતોષની ભાવના.

૩. ગુણવત્તા અથવા સંખ્યાના આધારે સુવાર્તા કાર્યને કરવા માટે હતાશા અને બહારના પડકારો.

૪. આપેલ સેવામાં ઈશ્વર અથવા સત્તાવાળા માણસોને ખુશ કરવા કે કેમ તે પસંદ કરવામાં પ્રતિબદ્ધતાનો અભાવ.

૫. તારણના અનુભવમાં વધ્યા વિના નામાંકિત ખ્રિસ્તીઓ તરીકે જીવવું, તેમનું નિરર્થક જીવન સુવાર્તાની ઘોષણામાં અવરોધ છે.

ઉપર જણાવેલ કારણોને લીધે, સુવાર્તા પ્રચારનું કાર્ય સંપૂર્ણ બંધ થઈ ગયું છે.

અવરોધોને દૂર કરવાના માર્ગો :

વિશ્વાસના શૂરવીરો કે જેમણે તેમના જીવનના સમસ્યાઓ પર કાબુ મેળવ્યો છે તેઓ ઉત્પત્તિના પુસ્તકથી શરૂ કરીને પવિત્ર બાઈબલના દરેક પ્રકરણોમાં જોવા મળે છે. તેથી, તેઓ આપણાં માટે ઉદાહરણ છે. મૂસા અને યહોશુઆના નેતૃત્વએ, ઈસ્રાએલીઓને ઘણા અવરોધો દૂર કરવા

અને વચનની ભૂમિ કનાનમાં પ્રવેશ કરવા સક્ષમ બનાવ્યા. યહોશુઆના પ્રથમ અધ્યાયમાં કેટલાક માર્ગો છે જેણે નવા આગેવાન યહોશુઆના નેતૃત્વ હેઠળ ઈઝરાયેલીઓને મહાન વિજય અપાવ્યો હતો.

૧. તમારી દિશામાં સ્પષ્ટ રહો: (વચન ૨-૫)
ઊઠો જાગો; તમારા માટે કનાન દેશનું વચન આપવામાં આવ્યું છે. તેની સરહદો તમારા માટે છે. હું તમારી સાથે રહીશ. હું તને કદી છોડીશ નહી કે તજીશ નહીં. વચન ૬,૭,૯ અને ૧૮માં ઈશ્વરે 'બળવાન અને હિંમતવાન' બનો તે વચન આપ્યું છે.
અમે વિશ્વ વાણી સેવાઓમાં સ્પષ્ટ દિશામાં આગળ વધી રહ્યા છીએ. આપણે એવા ગામો તરફ જઈ રહ્યા છીએ કે જેમણે ઈસુ ખ્રિસ્તને એક વાર પણ સાંભળ્યા નથી! ઈશ્વર આગેવાન છે અને તે આપણું નેતૃત્વ કરે છે. તેમને અનુસરવું અને તેમના માટે સેવાકાર્ય કરવું તે એક મહાન લહાવો છે!

૨. તમારા મુકામમાં વિશ્વાસ રાખો; વિશ્વ વાણી સેવાનું દર્શન ૨૦૩૦ સુધીમાં એક લાખ ગામોમાં સુવાર્તા વહેંચવાનું છે! યહોશુઆ દ્વારા ઈશ્વરનો મહાન હેતુ પૂરો થયો. તેવી જ રીતે, અમે તમારા દ્વારા ઈશ્વરનો હેતુ પૂરો કરવાની અપેક્ષા રાખીએ છીએ. ઈશ્વર માટે કશું જ અશક્ય નથી! અમે અમારું લક્ષ્ય પ્રાપ્ત કરવાની મહાત્વાકાંક્ષા સાથે આગળ વધીએ છીએ.

૩. ઈશ્વરની ઈચ્છાનું પાલન કરવા માટે સભાન બનો:
આપણે આ ફકરામાં સ્પષ્ટપણે વાંચી શકીએ છીએ કે ઈશ્વરની ઈચ્છાનું પાલન કરવું એ ઈશ્વરના જીવંત શબ્દને કાળજીપૂર્વક વાંચવું, તેમને પ્રેમ કરવો અને વિશ્વાસ સાથે તેનું પાલન કરવું છે. ત્યારે પ્રભુ આપણી ઈચ્છાઓ પુરી કરશે. એક મહાન જીત સેવા ક્ષેત્રોમાં જોવા મળશે. આપણે જ્યાં પણ જઈશું ત્યાં ઈશ્વરની હાજરી આપણી સમક્ષ જશે. ઈશ્વર જે કંઈ કરે છે તે આશીર્વાદ છે જે આગળ ચાલે છે.

૪. તમારા નિર્ણયને માટે પ્રતિબદ્ધ રહો:
આપણા ઈશ્વરે આપણને અત્યાર સુધી દોર્યા છે અને દયાથી અમને ક્ષેત્રમાં મહાન હિસ્સો આપ્યો છે. શું આપણે આપણો હિસ્સો મોકલવો જોઈએ નહીં, જેથી કરીને લોકો પણ આનંદ માણી શકે? શું આત્માઓની લણણી વધારવા માટે આપણી સહભાગીતા વધારવી એ આપણી જવાબદારી નથી? રાણી એસ્તર તેના લોકો માટે રાજા પાસે ગઈ અને કહ્યું કે 'જો હું મરીશ, તો ભલે હું મૃત્યુ પામું!' આપણી પાસે તે પ્રતિબદ્ધતા હોવી જોઈએ અને આપણે તેની સાથે આગળ આવવું જોઈએ. ઈશ્વરનો રક્ષક હાથ આપણી સાથે છે. જેમ ઈશ્વરે તમને દિલાસો આપ્યો છે, તેમ તમે બીજાના "આત્માઓને આરામ" આપવા માટે મદદનો હાથ પણ આપી શકો છો.

૫. તમારા નિશ્ચય સાથે સહકારી બનોઃ
કાર્ય પૂર્ણ કરવા માટે સંપૂર્ણ સહકાર આપવો જરૂરી છે. આપણી પાસે સત્તા અને નાણાં હોવા છતાં, પુરુષોની શક્તિ શક્તિશાળી છે. જ્યારે ઈશ્વરની મહાન શક્તિ તેની સાથે જોડાય છે, ત્યારે આપણે મહાન કાર્યો કરી શકીએ છીએ. આમીન.

પ્રાર્થના કરીએ અને સેવામાં ભાગ લઈએ :

★ ગુજરાત અને આંધ્રપ્રદેશના તાલીમ કેન્દ્રો પર પૂર્ણ સમય સેવા માટે તાલીમ હેઠળ રહેલા ૪૫ નવા એઝરા માટે પ્રાર્થના કરીએ.

★ પ્રાર્થના કરીએ કે એપ્રિલ મહિનામાં ૨૨૫ પરિવારો ૨૨૫ નવા સેવકો ગામોને દત્તક લેવા આગળ આવે અને માસિક રૂ. ૪૦૦૦નું યોગદાન આપે જેથી ફસલ વધે.

★ આગામી ચૂંટણીઓ માટે પ્રાર્થના કરીએ. આપણે પ્રાર્થના કરવી જોઈએ કે ઈશ્વરે યોગ્ય વ્યક્તિને પસંદ કરવી જોઈએ, અને આપણું રાષ્ટ્ર તમામ ક્ષેત્રો માં વિકાસ પામે.

★ પ્રાર્થના કરીએ કે તમામ પ્રભુમંદિરના આગેવાનો અને પાળકોએ ઉત્સાહ અને દૃષ્ટિ અને શક્તિ સાથે કામ કરવું જોઈએ જેથી કરીને નવા પ્રભુમંદિર બની શકે.

★ સેવકો અને તેમના પરિવારોની સુરક્ષા માટે પ્રાર્થના કરીએ જેઓ ક્ષેત્રોમાં વિરોધ વચ્ચે કામ કરી રહ્યા છે. કૃપા કરીને સેવકોના પરિવારોના ભવિષ્ય માટે પ્રાર્થના કરીએ જેઓ ભોંયમાં દાણા તરીકે દટાયા છે. કૃપા કરીને તેમના માટે તમારો ટેકો આપશો. ઈશ્વર સ્વર્ગના દરવાજા ખોલશે અને તમને આશીર્વાદ આપશે.

તે પૂરેપૂરી હિંમતથી તથા વગર હરકતે ઈશ્વરના રાજ્ય વિષે ઉપદેશ કરતો તથા પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષેની વાતોનો બોધ કરતો હતો.! (પ્રેરિતોનાં કૃત્યો ૨૮:૩૧)

૧૨.૦૩.૨૦૨૪

ખ્રિસ્તમાં તમારો ભાઈ
રેવ. ડૉ. ડબલ્યુ. વિલ્સન જ્ઞાનકુમાર
ચેન્નાઈ

બાઇબલ એ મારો પ્રકાશ છે

મારું નામ ધીમા શીખનારાઓની યાદીમાં હતું અને તેથી ઘણા લોકોએ મારી મજાક ઉડાવી. ત્રણ વર્ષ પહેલાં જ્યારે મેં મારી દસમાની પરીક્ષા આપી ત્યારે મેં ઈશ્વરમાં નિર્ણય લીધો. તે હતું 'બાઈબલ ખોલ્યા વિના હું મારી શાળાનું પુસ્તક ખોલીશ નહી.' મેં દિવસના પ્રારંભિક કલાકોમાં ઓછામાં ઓછા એક કલાક ઈસુના ચરણોમાં વિતાવવાનું પણ નક્કી કર્યું. જેઓ પાસે જ્ઞાનનો અભાવ છે તેમના પર ઈશ્વર કૃપા કરે છે અને તેમણે મને તેમના સાક્ષી તરીકે બદલ્યો છે. હા, તેમણે લોકો અને શિક્ષકો સમક્ષ ચમત્કારો કર્યા જેઓ મારી મજાક ઉડાવતા હતા. બાઈબલના પ્રકાશે મને માત્ર ૧૦માં જ નહીં પણ ૧૧મા અને ૧૨મા માં પ્રથમ બનવા સક્ષમ બનાવી છે. અમે સેવકોનો આભાર માનીએ છીએ જેમણે અમારી મુલાકાત લીધી અને અમે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ. - દિવ્યબેન, હિંદલા, ગુજરાત

એપ્રિલ ૨૦૦૯ સમર્પણ માટે અમિલ અંજન દ્વારા લખાયેલ વિશેષ લેખ.

પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કરવા માટે કયા અવરોધો છે? તેના ઉપર કેવી રીતે વિજય પ્રાપ્ત કરવો?

વ્હાલાઓ,

અવરોધો શું છે?

જે આપણને આગળ વધતા અટકાવે છે. આપણી સામે આવે અને માર્ગ બંધ કરે છે. તેને અવરોધ કહેવાય છે.

આ અંકમાં આપણે પ્રભુ ઈસુની સુવાર્તામાં આવતા અવરોધો વિશે જાણવા પ્રયત્ન કરીશું. સુવાર્તાના કાર્યમાં અને મંડળીના વિકાસમાં બીજા ઘણાં અવરોધો છે જેમાં આપણે ઉમેરી શકીએ છીએ પરંતુ આ અંકમાં મુખ્ય અવરોધો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું. આપણે મુખ્ય યાજકથી શરૂઆત કરીશું.

માથ્થી ૨૬ : ૬૨-૬૬ કલમોનું ધ્યાનથી અવલોકન કરો.

મુખ્ય યાજક : શું તું કંઈ જ ઉત્તર આપતો નથી? તેઓ તારી વિરુદ્ધ કેવી શાહેદી આપે છે. કલમ ૬૨.

પ્રભુ ઈસુ : પ્રભુ ઈસુ મૌન રહ્યાં. કલમ ૬૩.

મુખ્ય યાજક : હું તને જીવતા દેવના સમ દઉ છું કે દેવનો દિકરો જે ખ્રિસ્ત તે જ તું છે કે નહિ?
એ અમને કહે પણ ઈસુ શાંત રહ્યાં.
હું તો બહેરા માણસની પેઠે તે સાંભળતો નથી અને મુંગો માણસ પોતાનું મુખ ઉઘાડતો નથી તેના જેવો હું છું. ગીતશાસ્ત્ર ૩૮:૧૩

પ્રભુ ઈસુ : હા, તે પોતે જ કહ્યું છે. કલમ ૬૪.
જો કોઈ પોતાની જાતને ખ્રિસ્ત/અભિષેક/મસીહ કહે તે દેવોનાં દેવ સામનું દુર્ભાષણ છે અને અંતે તેને પથ્થરની મારી નાંખવામાં આવશે. લેવી : ૨૪:૧૬
તેઓ એટલેથી અટક્યા નહીં અને કહ્યું.
તેમણે એક સામાન્ય સ્ત્રીને જણાવ્યું કે,
તારણ યહૂદીઓ દ્વારા આવે છે. (યોહાન ૧૪:૨૨)
અને પોતે કોણ છે તે જાહેર કર્યું હતું.
તેમણે યહૂદીના વડાને પ્રગટ કર્યું કે પોતે ખ્રિસ્ત છે
તેઓ (યહૂદી આગેવાનો) નિયમને તાજની જેમ વાંચે છે અને યહૂદી લોકોને બોક્સમાંના સાપ જેવા બનાવી દીધા છે.
આરંભ અમે માનીએ છીએ તે વસ્તુઓની નિશ્ચિતતા છે. (લૂક ૧:૧)

પૂરા હૃદયથી, સમગ્ર શક્તિથી, પૂરા શ્વાસથી, પૂરા આત્મવિશ્વાસથી અને ઝડપથી કહેવામાં આવશે. તેમણે પ્રમુખ યાજક સમક્ષ એ પ્રમાણે જ કર્યું. તેમણે સાચી સુવાર્તા જાહેર કરી હતી.

કલમ ૬૪ ધ્યાનમાં લો. પ્રભુ ઈસુએ શું કહ્યું?

એક : હું માણસનો દિકરો છું, હું મનુષ્ય બન્યો છું.

બીજું : હું ઈશ્વરનો પુત્ર છું, સત્ય અને ઈશ્વર છું.

ત્રીજું : પ્રમુખ યાજક તરીકે તમે નિયમનાં પક્ષમાં છો પણ હું પરાક્રમી ઈશ્વરની જમણી બાજુ છું.

★ તમે આજે હયાત છો પરંતુ તમે આવતીકાલ કદાચ હયાત ના પણ હોય.
પરંતુ એક દિવસે હું સ્વર્ગનાં વાદળો પર આવીશ.

★ આજે તમે મારી પુછપરછ કરો છો.
જ્યારે હું પરાક્રમ અને મહિમા સાથે હું આકાશના વાદળો પર આવીશ. માથ્થી ૨૪ : ૩૦.
હું તમારી પુછપરછ કરીશ.
વ્હાલાઓ તેમણે સત્ય કહ્યું હતું અને તેમણે તેમના બીજા આગમન સંબંધી પણ કહ્યું હતું.

તેમણે જેમને કહેવું જોઈએ તે તેમ તેમને કહ્યું હતું.

પરંતુ પ્રમુખ યાજકે માન્યું નહી અને પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કર્યો ન હતો.

તેણે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો ન હતો.

કલમ ૬૫ : પ્રમુખ યાજકે તેમના સ્વભાવનું નિયંત્રણ ગુમાવ્યું હતું અને તેમણે તેમના વસ્ત્રો ફાળ્યાં હતાં. લેવી ૨૧:૧૦ મુજબ
તેમણે તેમના વસ્ત્રો ફાળવા જોઈએ નહીં. જેના ઉપર અભિષેકનું તેલ રેડયું હોય તે પોતાના વાળ છોડી નાંખે નહી, ને પોતાનો પોષાક ફાડે નહી.
પ્રમુખ યાજકે તેમનું હૃદય ફાળવું જોઈએ.
પરંતુ તેમણે તેમનાં વસ્ત્ર ફાળ્યા હતાં.
નયાયી મુખ્ય યાજક યહૂદી લોકોના ઘુંઘટ ફાળ્યા હતા.
મંદિરનો પરદો જે ૭૦ લોકો પણ ઉચકી શકતા નહોતા. જે તેમના દ્વારા નીચેથી ઉપર સુધી ફાટી ગયો હતો.
પરદાનો ચોક્કસ અર્થ ''ઢાલ'' છે
મુખ્ય યાજક સિવાય, તે લોકોને ઢાલની જેમ સૌથી પવિત્ર સ્થાનમાં પ્રવેશતા અટકાવે છે.
જો તેઓ પ્રવેશ કરે તો તેઓ બળી જાય.
સૌથી ભારે કવચ (પરદો) જેને મોટી કાતરથી પણ વિભાજિત કરી શકાતું ન હતું,
તે પ્રભુ ઈસુ દ્વારા ઉપરથી નીચે સુધી પરદો ફાળી નાંખવામાં આવ્યો છે.

હવે ઈશ્વર અને મનુષ્ય વચ્ચે કોઈ મધ્યસ્થ નથી તે પ્રગટ કરવાનું છે.
એક સામાન્ય માણસ પણ કોઈ અડચણ વિના પ્રવેશ કરી શકે છે.

★ પ્રમુખ યાજકે જાણવું જાણવું જોઈએ કે જીવન વગરના દેવો કોણ છે અને જીવંત ઈશ્વર કોણ છે.
(૬૩) જીવંત ઈશ્વર તેમની સામે ઉભા છે પણ તેણે તેમને ઓળખ્યા નહી. તે અવરોધ છે.
પ્રમુખ યાજકે જાણવું જોઈએ કે કોણ ખ્રિસ્ત છે અને કોણ જૂઠા ખ્રિસ્ત છે. (માથ્થી ૨૪:૨૪)
ખ્રિસ્ત તેમની સામે ઉભા હતા. પરંતુ તે ઓળખી શક્યા નહીં. તે અવરોધ છે.

★ યહૂદી લોકો મસિહા ઝંખના રાખતા હતા તે તેમની સામે ઉભા હતા. ષરંતુ તે તેમને ઓળખી શક્યા નહી. યોહાન ૧:૨૬ તે અવરોધ હતો સમગ્ર રાષ્ટ્ર નાશ પામે તે કરતા લોકો માટે એક માણસ મૃત્યુ ને સારૂ છે. જે કાયફાસે પ્રમુખ યાજક હતા (યોહાન ૧૧:૪૯-૫૧)(ઈ.સ. ૧૮-૩૬) તેમણે કહ્યું હતું.
તે માણસ દિકર છે જે તેની આગળ ઊભો હતો. જેમને ઈશ્વરે તેમના મહિમા માટે પૂર્વનિર્ધારિત પૃથ્વીની રચના પહેલા કર્યો હતો તેમને ઓળખ્યા નહી તે અવરોધ છે.

વ્હાલાઓ,
પ્રાથમિક અવરોધ શું છે?
પ્રમુખ યાજક રાજાના મહિમાને ઓળખી શક્યા નહી.
તે સુવાર્તા પ્રચાર માટે અવરોધ છે.
જો તે જાણતા હોત તો તેમણે પ્રભુ ઈસુને મારવા ન દેત? અથવા તેના ચહેરા પર થૂંકવાની છૂટ આપી હોત?
શું તેમને વધસ્તંભ ઉપર લટકાવ્યા હોત? ૧ કો ૨: ૭,૮
એક રાજકરણી જે આપણને રોમનની ચુંગાલમાંથી છોડાવશે તે આપણો મસીહા છે. તે સમાજવાદીઓની અપેક્ષા હતી.
માનવજાતનાં તારણહારને ઓળખવામાં ન આવ્યા તે અવરોધ હતો.
વ્હાલાઓ,
પ્રભુ ઈસુ ખ્રિસ્તની સુવાર્તામાં અવરોધો ક્યા છે?
પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાપીઓને તારવાને સારુ જગતમાં આવ્યા. એવા પાપીઓમાં હું મુખ્ય છું. ૧ તિમોથી ૧:૧૫. પ્રમુખ યાજકની આ પ્રકારની કબૂલાત ન હતી. આજે પણ ચર્ચ, ખ્રિસ્તી સંસ્થાઓ, બાઈબલ કોલેજો અને ઉચ્ચ હોદ્દા પરના લોકો પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો નથી.
અંગત તારણહાર તરીકે સ્વીકારવામાં અવરોધ છે. તેઓ જાણતા હોવા છતાં પ્રભુ ઈસુને જાહેરમાં કબૂલાત કરી શકતા નથી. તે અવરોધ છે.
બે ચાવીઓ છે જ્ઞાનની ચાવી (લૂક ૧૧:૫૨)
અને સ્વર્ગના રાજ્યની ચાવી (માથ્થી ૧૬:૧૯)
જે લોકો જ્ઞાનની ચાવી હાથમાં લે છે તેઓ તાળુ ચૂસ્તપણે બંધ કરે છે. જેથી તેમના હૃદયો ઈશ્વરના

રાજ્યને ચાવીથી ખોલી શકતા નથી.
લોકો પ્રભુ ઈસુ અને ખ્રિસ્ત વિભાજીત કરે છે. આમૂલ વિસંવાદ (વિભાજન) સર્જે છે.
તેઓ પવિત્ર બાઈબલને પૌરાણિક કથા છે તે રીતે રજૂ કરવા માટે પ્રયત્ન કરે છે.
એરિયસ ઈ.સ. ૨૫૬-૩૩૬ થી રેડોલ્ફ બુલ્ટમેન (૧૮૮૪-૧૯૭૬) એટલું જ નહી પણ ડેવિન્સી કાર્ડ સહિત અવરોધો હતા.
સુવાર્તાનો બહારથીવિરોધ નહી પરંતુ અંદરથી અવિશ્વાસીઓ. આ સૌથી મોટો અવરોધ છે. તેઓ પ્રભુ ઈસુનો નકાર કરે છે અને બાઈબલમાં દોષ શોધે છે. આ સૌથી મોટો અવરોધ છે.
પવિત્ર બાઈબલમાં ઘણા અવરોધો વિશે જણાવવામાં આવ્યું છે.
ફસલ પુષ્કળ છે પરંતુ મજૂરો થોડા છે. લૂક ૧૦:૨ અવરોધ છે.
છીંડામાં ઉભો રહી શકે તેવા કોઈ નથી. (હઝકીયેલ ૨૨:૩૦) તે પણ અવરોધ છે.
સેવામાં દશ ન્યાયી લોકો નથી. (ઉત્પત્તિ ૧૮:૩૨) તે પણ અવરોધ છે.
જ્યારે દાઉદે કહ્યું કે યોનાથાન મારો બાપ મારો જીવ લેવા શોધે છે. (૧ શમુએલ ૨૦:૧)
જેઓએ સાથે રહેવું જોઈએ તેઓ દુશ્મન બની ગયા છે તે એક અવરોધ છે.
અમે તેને રોક્યો કારણ કે તે આપણામાંનો નથી. માર્ક ૯:૩૮ એક અવરોધ છે.
આપણામાં મહાન કોણ (લૂક ૨૨:૧૪) સેવામાં હોદ્દા પર વધે ધ્યાન કેન્દ્રિત હોય છે તે પણ અવરોધ છે.
એપાફ્રદિતસ (ફિલિપી ૨:૨૭) બિમારી અવરોધ છે.
જ્યારે સેવકોમાં વિભાજન થાય છે. સંગત વિખેરાઈ જાય છે.
વ્હાલાઓ,
આ બધા નાના અંતરાયો છે.
આ નાના અંતરાયો આપણને બંધનમાં લાવવા જોઈએ નહી. જે પગથિયા છે જે આપણને પ્રભુ ઈસુની નજીક લઈ જાય છે. આપણાં જીવન અને સેવાકાર્યમાં નમ્રતા હોવી જોઈએ. આખરે તે સારામાં ફેરવાશે.
પરંતુ પ્રાથમિક અવરોધો શું છે?
પ્રભુ ઈસુને જે રીતે જાણવા જોઈએ તે રીતે જાણતા નથી. ચર્ચમાં, સંસ્થાઓ અને જેઓ નિર્ણયો લે છે તેઓ પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરતા નથી અને સંગત નથી. તે અવરોધનું કારણ છે.
તેઓને ઈશ્વરના વચનની ઈચ્છા નથી તે કારણ છે. તેઓ પવિત્ર આત્મામાં નથી તે કારણ છે. ટુંકમાં સુવાર્તાનાં કાર્ય માટે અવિશ્વાસ અવરોધ છે. આપણે જાહેરમાં પ્રભુ ઈસુને કબૂલ કરતા નથી. જેઓ આ વાંચે છે તેઓ પાસેથી સ્વર્ગમાંથી અપેક્ષા રાખવામાં આવે છે કે પ્રભુ ઈસુના જ્ઞાનમાં સતત વૃદ્ધિ પામવું જોઈએ.
ઈશ્વર પિતા તરફથી તમારી પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે વણખેડાયેલા ગામો અને વિસ્તારમાં પ્રભુ ઈસુને પ્રગટ કરો.

જ્યારે તમે આ પ્રમાણે કરશો ત્યારે બધા અવરોધો ચમત્કારમાં ફેરવાશે.
દરેક તમારા મૂશ્કલીઓ અચંબો આશ્ચર્યમાં ફેરવાશ. દરેક તમારા દુઃખો આનંદમાં ફેરવાઈ જશે.
વ્હાલાઓ,
મુખ્ય અવરોધોને દૂર કરવાના ત્રણ રસ્તાઓ છે :

★ જેઓ મુખ્ય પદ ઉપર છે. પ્રભુ ઈસુ મુખ્ય સ્થાન પર હોવા જોઈએ તે તમારી પ્રાર્થના હોવી જોઈએ.

★ જેઓ મુખ્ય પદો ઉપર છે તેઓ તેમના જીવનમાં પ્રભુ ઈસુને મુખ્ય સ્થાન આપતા નથી. પ્રભુ ઈસુની સમક્ષ પ્રાર્થનામાં ઘૂંટણો નમવા જોઈએ. જીભો પ્રભુ ઈસુને કબૂલ કરે તેવો વિશ્વાસ હોવો જોઈએ.

★ જેઓ મુખ્ય પદો ઉપર છે.

★ અગરીપ્પા રાજા હાજર હોવા છતાં, ડર્યા વગર કહેવું જોઈએ. તમે જ નહી, અગરીપ્પા રાજા, દરેક લોકો પ્રભુ ઈસુની સમક્ષ સમર્પિત થવા જોઈએ. આપણે ડર્યા વગર કાર્ય કરવું જોઈએ.

વ્હાલાઓ,
જોકે અવરોધો નાના કે મોટા હોય.
ભારતમાં જેઓ પ્રભુ ઈસુની સુવાર્તા પ્રગટ કરવા માટે પ્રતિબદ્ધ છે.
કોઈ અવરોધો આપણને અટકાવી શક્યા નથી અને અવરોધશે નહી.
પવિત્ર આત્મા બધી મુશ્કેલીઓ દૂર કરશે.
અગ્નિ આપણને બાળશે નહી, સિંહ આપણને સ્પર્શશે નહીં. ઈશ્વરની સ્તુતિ થાઓ.

જીવંત પુરાવાઓ

હું ક્રોધિત વ્યક્તિ હતો અને હું લોકો સાથે કઠોર વર્તન કરતો હતો. આ જીવનશૈલી પાછળનું કારણ એ હતું કે, હું ડ્રગ્સનો વ્યસની હતો ! હું પણ દારૂનો શિકાર બની ગયો હતો અને મેં કમાયેલી બધી ખુશીઓ, પૈસા અને વસ્તુઓ ગુમાવી દીધી હતી. મારા પર ભરોસો રાખનાર મારા પરિવારને જ મેં તકલીફો આપી.

મેં ખેરા ગામના સેવકો દ્વારા ઈસુના જીવન વિશે જાણ્યું. મેં એક પાપી માટે ઈસુના પ્રેમ વિશે સાંભળ્યું. મેં પાપની ક્ષમા, પવિત્ર જીવન અને સ્વર્ગીય આશીર્વાદો અને સુખ વિશે શીખ્યું. મારું હૃદય સંપૂર્ણપણે પીગળી ગયું. મને સમજાયું કે, હું સંપૂર્ણ ગડબડમાં હતો. મેં મદદ માટે ઈસુને પોકાર કર્યો. જેમ જેમ મેં તેમને શોધવાનું શરૂ કર્યું તેમ તેમ મારો સ્વાર્થી સ્વભાવ મૃત્યુ પામવા લાગ્યો. આજે, મારા હાથ જે શોધે છે તે પવિત્ર બાઇબલ છે અને મારા પગ વિશ્વાસુઓની સંગતમાં ભાગ લેવાનું પસંદ કરે છે. મારી જીભ કબૂલ કરે છે, 'ઈસુ તારણહાર હજુ પણ જીવંત છે.' - વિશ્વાસુ સુખદેવ સિંહ, પંજાબ

બાઈબલ અભ્યાસ

પ્રેરિતોના કૃત્યો ૯:૨૦

ખ્રિસ્ત ઈશ્વરનો પુત્ર

આપણે પાછલા અંકમાં પ્રેરિત પાઉલના પરિવર્તન પર મનન કર્યું. પાઉલ કે જેઓ ઈશ્વરના પ્રેમથી પ્રભાવિત થયા હતા, તેમણે સભાસ્થાનોમાં 'તરત જ' ઉપદેશ આપ્યો (પ્રેરિતોનાં કૃત્યો ૯:૨૦). આ અંકમાં આપણે આ બાબતો પર વિચાર કરીશું: પાઉલે શું ઉપદેશ આપ્યો? તેમના સંદેશનો મુદ્રાલેખ શું હતો?

સભાસ્થાનમાં પાઉલનો સંદેશ:

ઈસુ ખ્રિસ્ત દેવના પુત્ર છે. પાઉલનો હેતુ એ હતો કે ઈસ્રાએલીઓએ જાણવું જોઈએ અને માનવું જોઈએ કે ખ્રિસ્ત ઈશ્વરના પુત્ર, આપણા પ્રભુ અને તારણહાર છે. દરેક વસ્તુ તેમના થકી અને તેમના દ્વારા બનાવવામાં આવી હતી. આ બધા ગુણો 'ઈશ્વરનો પુત્ર' શબ્દમાં સમાયેલા છે.

પાઉલ એક માનનીય વ્યક્તિ પાસેથી નિયમશાસ્ત્રને ચોકસાઈથી શીખ્યા હતા. જ્યાં સુધી તેમણે તેમને તેમના તારણહાર તરીકે સ્વીકાર્યા ન હતા ત્યાં સુધી તેઓ ઈસુની લાક્ષણિકતાને સમજવામાં અસમર્થ હતા કે ઈસુ ખ્રિસ્ત નિયમની સંપૂર્ણતા છે. જ્યારે તેમણે દમસ્કના માર્ગમાં અને દર્શન દ્વારા ઈશ્વરના પુત્રનો અવાજ સાંભળ્યો, ત્યારે તેમને ખુબ જ સ્પષ્ટપણે સમજાયું કે જૂના કરારના તમામ પુસ્તકો ઈશ્વરના પુત્રને પ્રતિબિંબિત કરે છે. પાઉલ ઈસુ વિશે પ્રચાર કરવા અને નિયમના પુક્તકમાં ઈસુને શોધવા માટે દમસ્કના રસ્તા પર આખો સમય પસાર કરી શક્યો હોત. ત્યાં સુધી તે પોતાની બુદ્ધિથી ઈશ્વરને જાણવા માંગતા હતા. પરંતુ હવે, તેમણે પવિત્ર આત્માની મદદ માંગી અને નિયમનું પુસ્તક વાંચ્યું.

ઉત્પત્તિ ૩:૫ એ ખ્રિસ્ત વિશેની પ્રથમ સુવાર્તા છે.પુનર્નિયમ ૧૮:૧૮,૧૯ કહે છે કે ખ્રિસ્ત મુસા જેવા પ્રબોધક છે. આપણે ગીતશાસ્ત્ર ૨૨, યશાયાહ ૫૩ માં ખ્રિસ્તની વેદનાઓ વિશે જોઈએ છીએ અને પાઉલ ખ્રિસ્તને નમ્ર રાજા તરીકે ઓળખે છે જે ઝખાર્યા ૯:૯માં આવે છે. તેમણે ગીતશાસ્ત્ર ૧૧૮ દ્વારા પણ સમજી લીધું કે ખ્રિસ્ત ઈશ્વરના નામે આવ્યા હતા અને ઈઝરાયેલીઓએ ખૂણાના પથ્થરને નકારી કાઢ્યો છે. ત્યાં સુધી ખ્રિસ્તનો અસ્વીકાર કરવા બદલ તેમને પસ્તાવો પણ થયો.

આજે આપણે ઘણા ધર્મશાસ્ત્રીઓ અને ઉપદેશકોને સેમિનારીમાંથી ઘણી ડિગ્રીઓ અને મેડલ સાથે ઈશ્વરની યોજનાને તાત્કાલિક સમજયા વિના જોઈએ છીએ! આજે આપણે એવા લોકો પણ શોધીએ છીએ જેઓ ખ્રિસ્ત વિશે ખોટું જ્ઞાન દાખલ કરે છે અને જાહેરાત કરે છે!

એક બાજુ આપણે એવા લોકોને જોઈએ છીએ જેઓ એકલા સમારંભો દરમિયાન ઈશ્વરને શોધે છે અને બીજી બાજુ મંડળીઓ જેઓ સૌથી માનનીય નામ ઈસુનું ઉચ્ચારણ કરવા તૈયાર નથી! ઘણા લોકોને ન્યાયીપણામાં લાવવા લોકોએ ઉભા થવું જોઈએ, પરંતુ તેની જગ્યાએ તેઓ ચુંટણી પાછળ છે અને શેતાનની જાળમાં ફસાઈ જાય છે. ઈસુએ મંદિરના આંગણામાં પ્રવેશ કર્યો અને જેઓ ખરીદ-વેચાણ કરતા હતા તેઓને હાંકી કાઢ્યા. તેમણે પૈસા બદલનારાઓના ટેબલો અને કબૂતર વેચનારાઓની બાજઠ ઉથલાવી દીધી (માથ્થી ૨૧:૧૨). શું મંડળીમાં હાલનું દૃશ્ય જોઈને ઈસુ ખુશ થશે? આજે વિદ્વાનોએ મુખ્ય પાદરી, શાસ્ત્રીઓ અને ફરોશીઓ સાથે હાથ મિલાવ્યા છે. તેઓ ખ્રિસ્તી ધર્મ વેચનારા ઉદ્યોગપતિ બની ગયા છે. કેટલી મોટી પીડા! જે લોકોના હૃદયમાં ઈસુ માટે સ્થાન નથી તેઓને કંઈપણ પ્રાપ્તથશે નહીં, ભલે તેઓ મહાન

ઊંચાઈઓ પર ચઢી જાય. વિશ્વમાં ઈસુ ખ્રિસ્તની સેવાઓ દરમિયાન, તેમણે જેમ કે છેતરનારાઓ, મૂર્ખ અને જૂથનું નેતૃત્વ કરનારા આંધળાઓને બોલાવ્યા.

પાઉલ વિશ્વની ખ્યાતિને કચરો માને છે; સ્વ-ન્યાયપણું; ગમાલીએલનો વિદ્યાર્થી હોવાનો ગર્વ વગેરે જ્યારે તેમણે પોતાનું હૃદય ઈસુને સમર્પિત કર્યું ત્યારે કચરા સમાન ગણ્યું! તે સમય હતો જ્યારે તેઓ ઈસુના ચરણોમાં આવ્યા હતાં! ઈશ્વરના પુત્રને પ્રાપ્ત કર્યા પછી તેમને આ ઉચ્ચ દરજ્જો મળ્યો! કેવું અદ્‌ભુત છે! આજે, શું આપણે લોકોને એવું જાહેર કરતા જોઈએ છીએ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઈશ્વરનો પુત્ર છે? તે તેની પરિસ્થિતિથી વાકેફ હતા. તેમ છતાં, તેમણે ડર્યા વિના તેનો પ્રચાર ચાલુ રાખ્યો!

પ્રમુખ યાજકે ઈસુને પુછ્યું, "જો તમે મસીહા, ઈશ્વરના પુત્ર છો તો અમને કહો". "તમે કહ્યું છે", ઈસુએ જવાબ આપ્યો. પ્રમુખ યાજકે તેમનાં કપડાં ફાડી નાખ્યા અને કહ્યું "તેમણે નિંદા કરી છે! શા માટે આપણને વધુ સાક્ષીઓની જરૂર છે?" ... "તે મૃત્યુને લાયક છે." (માથ્થી ૨૬:૬૩, ૬૪, ૬૫, ૬૬). તે માત્ર પ્રમુખ યાજક માટે જ નિષ્ફળતા ન હતી પરંતુ યરુશાલેમના તમામ લોકો માટે પણ જેઓ તેમના પછી આવ્યા તેમની પણ નિષ્ફળતા હતી - કેમકે ઈશ્વરનો શબ્દ અને ઈતિહાસ જાહેર કરે છે (માથ્થી ૨૩:૩૩-૩૯; લુક ૨૩:૨૭-૩૦). યરુશાલેમ સંપૂર્ણપણે નાશ પામ્યું હતું, અને યહૂદીઓ ઈસ. ૭૦ સુધીમાં વેરવિખેર થઈ ગયા હતા. યરુશાલેમનું મંદિર પણ સંપૂર્ણપણે ખંડેર થઈ ગયું હતું. ઈઝરાયેલીઓ ઈસુના શબ્દોને સમજવવામાં અસમર્થ હતા જ્યારે તેમણે કહ્યું, 'યરુશાલેમની દિકરીઓ, મારા માટે નહિ પણ તમારા અને તમારા બાળકો માટે રડો'.

યરુશાલેમમાં જે મંદિરને ઈઝરાયેલીઓ પવિત્ર માનતા હતા કે પછી તોડી પાડવામા આવ્યું કારણ કે આગેવાનો એ ખ્રિસ્તને ઈશ્વરના પુત્ર તરીકે ઓળખ્યો ન હતો! તેઓ હોદ્દા પર હતા, તેમની શક્તિનો ખોટી રીતે ઉપયોગ કર્યો, સ્વાર્થી , પવિત્ર થયા વિના ઉત્સાહી બન્યા, તેઓએ વિશ્રામવારો ઉજવ્યા જે ઈસુના ઉપદેશો અનુસાર ન હતા, તેઓએ મંદિરને ગંદુ બનાવ્યું જેથી ઈશ્વરનો મહિમા ત્યાં ન જોઈ શકાય. હાલની દુનિયામાં પણ આવી જ હાલત જોવા મળે છે! મંડળીઓ શેતાનના ફાંદા બની ગયા છે જે માણસોના પુત્રોને નરકના નાગરિકોમાં ફેરવે છે(માથ્થી ૨૩:૧૫)

જ્યારે મંડળીઓ ખ્રિસ્તને ઈશ્વરના પુત્ર તરીકે જાહેર કરે છે ત્યારે સ્વર્ગ આનંદ કરશે, પરિણામે પસ્તાવો કરનારા લોકોની સંખ્યા વધારો થશે. બીજી બાજુ, જ્યારે મંડળી ઈતિહાસ, સામાજિક વિચારો, ફિલસૂફી અને મનોવિજ્ઞાન વહેંચે છે ત્યારે તેઓ સત્યને વેરવિખેર કરે છે, અને નરક તેમના નાગરિકોને મંડળીમાંથી આવકારવા માટે આનંદ કરે છે.

હાલની યુવા પેઢી કે જેઓ તેમની બુદ્ધિમતા દ્વારા વિશ્વને તેમના તરફ વાળવા ઈચ્છે છે. તેઓએ ઈસુને ઈશ્વરના પુત્ર તરીકે જોવો જોઈએ! હાલની મંડળી અને સમાજને પાઉલ જેવા સેવકોની જરૂર છે જેમણે જ્ઞાનીઓ, પ્રમુખ યાજક, શાસ્ત્રીઓ અને ફરોશીઓને જાહેર કર્યું કે ખ્રિસ્ત ઈશ્વરનો પુત્ર છે. આવો આપણે મોટેથી જાહેર કરીએ કે ઈસુ ઈશ્વરના પુત્ર છે અને તે ખ્રિસ્ત છે જેથી આપણે અને આપણી પેઢી અનંતકાળનો વારસો મેળવી શકીએ!

કોણ છે જે દુનિયા પર વિજય મેળવે છે? ફક્ત તે જ જે માને છે કે ઈસુ દેવનો પુત્ર છે.
(૧ યોહાન ૫:૫)
આમેન

- રેવ. ડો. પોન સુબર્સન

મૃદુલ લાગણીઓ

- હેરિસ પ્રેમ
વિશ્વ વાણી મીડિયા

પુનરુત્થાન

ઈશ્વરનું સામર્થ્ય

માણસને શરૂઆતથી જ ઈશ્વર બનવાની ઈચ્છા હતી, જ્યારે તે એદન બાગમાં હતો, સર્પ દ્વારા એદનબાગમાં પ્રથમ યુગલને પૂછવામાં આવેલા પ્રશ્નમાં છેતરપીંડી હતી.

જેમ જેમ સર્પ અને થુગલ વચ્ચે વાતચીત ચાલું રહી તેમ હવા જાળમાં ફસાઈ ગઈ અને જ્યારે સર્પે તેમને જણાવ્યું કે તેઓ ઈશ્વર સમાન બની શકે છે, તેઓ બંને પાપ કર્યા અગાઉ પણ ઈશ્વર સમાન જ હતાં કેવળ તેમની પાસે ઈશ્વરીય શક્તિઓ ન હતી, સર્પની યુક્તિઓ તેમની આંખોને ઢાંકી દે છે, અને ઈશ્વર બનવાની તેમની ઈચ્છાએ તેમના પતનનો માર્ગ મોકળો કરી દીધો.

ત્યારથી વિશ્વના ૫ (પાંચ) ખંડોના લોકો ઈશ્વર બનવાની ઈચ્છા રાખે છે.પરિણામે આપણાં ઘણાં ધર્મગુરુઓ અને સ્ત્રીઓ જોઈએ છીએ કે તમામ ધાર્મિક સંપ્રદાયનાં લોકો જેઓ પોતાને ઈશ્વર માને છે અને તેથી વિશેષ ઘણાંખરા લોકો તો પોતાને ઈસુ ખ્રિસ્ત તરીકે જાહેર કરે છે અને તેઓ ત્રીજા દિવસે પુનરુત્થાન પામશે એવો દાવો કરે છે. ઈતિહાસમાં ઘણીવાર આવા બનાવમાં સરકારે હસ્તક્ષેપ કરવો પડ્યો છે અને તેમના મૃતદેહોને દફનાવવા પડ્યાં હતાં.

આપણે ઈશ્વરનું સર્જન છીએ અને આપણને સર્જક બનવાની ઈચ્છા કેમ છે? માણસ જે સ્વતંત્રતા સાથે જનમ્યો છે તે ઈચ્છતો નથી કે તેની ઉપર કોઈ આધિપત્ય ધરાવે છે. ઈશ્વરે માણસને કોઈપણ જાતની સીમાઓ કે બંધન વગર સ્વતંત્રતા આપી છે. માનવજાતની સ્વાર્થી ઈચ્છા એવી છે કે તે જે ઈચ્છે અને વિચારે તેમ કરે અને તે કોઈને આધીન ન હોય. આપણે તેને બીજા શબ્દોમાં સ્વતંત્ર ઈચ્છા કહીએ છીએ.

એમિલ અન્નન કહેતા હતા કે કૂતરાને બાંધવા માટે ૧૦ ફુટનું દોરડું પુરતું છે પણ માનવજાતનાં વિચારો પર કોઈ કાબૂ રાખી શકતું નથી.

અનિયંત્રિત વિચારો, તેમને ચલાવવાની શક્તિ એ એવી શક્તિઓ છે જેને લીધે માનવજાત વિચારે છે કે તે કંઈપણ કરી શકે છે અને જેઓ આ આંતરિક સમજની ઉંડાણમાં પડી જાય અને તેઓને ક્યારેય કિનારા સુધી પહોંચી શકતા નથી અને પોતાની જાતને ઈશ્વર તરીકે ઓળખાવે છે, કેમ કે તેઓને અમુક આંતરિક શક્તિઓની પ્રતિક્રીયાઓને કારણે કેટલાક તેનાથી પ્રભાવિત થાય છે અને તેમના અનુયાયીઓ બની જાય છે અને ઈતિહાસમાં નોંધવામાં આવ્યું છે કે તેઓ તેમની પૂજા કરવાનું ચાલુ રાખે છે!

હજારો લોકોએ એવો દાવો કર્યો છે કે તેઓ જગતનાં ઉદ્ધારક છે. તેઓમાં અને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં એટલો જ ફરક છે કે તેઓ બધાં જ મૃત્યુ પામ્યા છે અને ધૂળ બની ગયા છે, પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુમાંથી સજીવન થયા છે. ખ્રિસ્તી ધર્મનું મૂળ તેના એ અટલ સત્યમાં છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનમાં વધુ રહેલું છે નહિ કે ખ્રિસ્ત કુંવારીના ઉદરે જનમ્યા. આપણે પ્રભુ ઈસુનાં જન્મદીનની ઉજવણી કરતાં તેમનાં પુનરૂત્થાનનાં દિવસની વધારે ઉજવણી કરવાની જરૂર છે, જરૂરીયાતમંદ લોકોને આ જણાવવની ખૂબ અગત્યતા છે કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુ પર વિજય પામ્યા છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાન અગાઉ જૂના કરારમાં સંતો તેમનાં મૃત્યુથી ખૂબ જ ડરતા હતા. તેઓ ડરતાં હતાં કે તેમના આત્માનો અંત ક્યાં આવશે અને આ પુનરુત્થાનનું રહસ્ય થોડાક સંતોને (ઉપદેશકો)ને પ્રગટ કરવામાં આવ્યું જેમકે અયુબને. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં પુનરુત્થાન પછી મૃત્યુ એ એક આનંદદાયક ઘટના બની ગઈ.

જગત એ મૃત્યુથી ડરે છે અને લોકો તે વિશે બોલતા પણ ધ્રુજે છે. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મરણને આધીન થયા અને તેના પર વિજયી થયા, તેથી જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તને અનુસરે છે, તેમના પર વિશ્વાસ કરે છે તેઓને મૃત્યુનો ભય લાગતો નથી પણ તેને સાહજીક લાગે છે, અને તેઓ રાજી ખુશીથી સુવાર્તા પ્રચાર માટે પોતાનો પ્રાણ આપી શહીદ થવા તૈયાર છે. આવા લોકો કેટલાક ખંડોને પાર કરીને, પોતાના ખાનપાનથી અલગ ખોરાક સ્વીકારીને, શારીરિક રીતે પ્રતિકુળ આબોહવામાં પ્રભુ ઈસુના રાજ્યને પ્રગટ કરીને સ્વર્ગમાં આનંદ પ્રગટ કરે છે અને નાની ઉંમરે ઈશ્વરના રાજ્યમાં શહીદ થઈને પ્રવેશ કરે છે.

એક દૃષ્ટિકોણ પ્રમાણે સુવાર્તાનું કાર્ય જીવનો સાથે રમી રહ્યું છે અથવા સુવાર્તા દ્વારા જીવનો સાથે એક મહાન કાર્ય કરવામાં આવ્યું છે. એવા ઘણાં વ્યવસાયો છે કે જ્યાં કાળજી ન રાખવાથી મૃત્યુનો સામનો કરવો પડે છે. પણ સુવાર્તા પ્રચાર કરવો એટલે દુષ્ટ શક્તિઓ સામે સતત લડાઈ લડવી અને પ્રભુ ઈસુ નામનું અજવાળું અંધકારમાં બેઠેલા લોકો મધ્યે લઈ જવું અને પીડા એ સ્ત્રી સમાન છે જે પોતાના બાળકો માટે મજુરી કરી રહી છે. જો આપણે ખૂબ જ ઉત્સાહ, ડહાપણ અને અનેક મહાન યોજનાઓ સાથે શાણપણથી કાર્ય કરીએ તો પણ ફસલ લણવા માટે ખૂબ જ નમ્રતાથી ધીરજપૂર્વક રાહ જોવી જોઈએ. પ્રાચીન સમયમાં જે મિશનરીઓએ સુવાર્તાના કાર્ય માટે પોતાનો દેશ છોડી દીધો પણ તેમના સેવાકીય સમય દરમ્યાન ક્યારેય તેઓએ ઈશ્વર બનવાની ઈચ્છા નહોતી રાખી. તેના બદલે તેઓએ મોટી સંખ્યામાં લોકોને ઈશ્વરનાં વિશ્વાસમાં લાવ્યા અને તેમની તરફ મોકલ્યા. જે સેવકોનો લોહિ અને પરસેવો બીજ તરીકે વાવવામાં આવ્યો તે ખ્રિસ્તધર્મના વૃક્ષ તરીકે વૃદ્ધિ પામ્યું અને તેની શાખાઓ દુનિયાભરમાં ફેલાઈ.

જ્યારે, વિશ્વાસુપણું, ડહાપણ અને કોઈ કાર્ય માટે પ્રતિબદ્ધતા એક ચોક્કસ દર્શન કાર્ય સાથે જોડાય છે ત્યારે તે સુવાર્તિક કાર્યમાં પરિણમે છે. પણ જ્યારે આ ગુણોમાં ઘટાડો થાય છે કે ઉણપ આવે છે ત્યારે સુવાર્તિક કાર્યરૂપી છોડ સુકાઈ જાય છે.

ઘણા સુવાર્તિકોને સુવાર્તા પ્રચાર કરવાના આરોપમાં ઘણાં દેશો છે જ્યાં સુવાર્તા પ્રચાર કરવો પ્રતિબંધ છે ત્યાં તેમની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે તેઓને તીરના નિશાના ઉપર અને બંદૂકની ગોળીના નિશાના પર ઉભા રાખવામાં આવ્યા છે તોપણ તેઓ ગભરાતા નથી. તે એક સામાન્ય કારણને માટે છે, તેઓ માને છે કે જ્યારે તેઓની આંખો આ પૃથ્વા પર બંધ થઈ જશે ત્યારે સ્વર્ગમાં તેમનો જન્મદિવસ ઉજવવામાં આવશે.

- પ્રતિજ્ઞા શું છે?

ખ્રિસ્તી ધર્મમાં બે બાબતો આપણને પુનરુત્થાનમાં વિશ્વાસ કરાવે છે. સૌ પ્રથમ આપણાં ઉદ્ધારક કે જેમને આપણાં માટે નમૂનો સ્થાપિત કર્યો છે. તેણે કહ્યું તેમ ત્રીજા દિવસે તેને સજીવન કરવામાં આવ્યો અને તે સ્વર્ગમાં ચઢી ગયો અને તે માટે તેનાં શિષ્યો તેનાં સાક્ષીઓ છે.

બીજી બાબત, જેમ આપણે વાંચીએ છીએ કે ઉદ્ધારનાં દિવસ માટે આપણને પવિત્ર આત્મા આપવામાં આવ્યો છે અને મુદ્રાંકિત કરવામાં આવ્યા છે. આ પવિત્ર આત્મા જે આપણને ઉદ્ધારના દિવસને માટે આપવામાં આવ્યો હતો તે ઈશ્વરે પોતે આપણને મુદ્રાંકિત કર્યા છે તેથી તે તેનાં સાક્ષી છે. કલ્પના કરો કે આપણે કાર ખરીદવા માટે શો રૂમમાં છીએ અને આપણને કાર પસંદ કરીને પછી એડવાન્સ તરીકે અમુક રકમ ચૂકવીએ છીએ અને આ ચૂકવણીની રસીદ પણ આપણે પ્રાપ્ત કરીએ છીએ, અને પછી શો રૂમનાં કર્મચારી જે કાર તમે પસંદ કરી તેનાં અરીસા ઉપર તમારા નામનું લેબલ ચોંટાડે છે અને તે કાર વેચાણ થઈ ગઈ છે તેમ દર્શાવશે અને જ્યારે બીજી કોઈ વ્યક્તિ એ કાર જોશે અને તેને ખરીદવા ચાહશે પણ તે તેમ કરી શકશે નહી, જ્યાં સુધી કારની બાકીની રકમ તમે ચુકવણી કરશો નહીં ત્યાં સુધી તે કારને ત્યાં જ રાખવાના કે બીજાને વેચવામાં આવશે નહિ. કાર હવે તમારા માટે છે તમને એડવાન્સ ચૂકવણીની મુદ્રા મારેલી પાવતી તમને આપવામાં આવેલી છે.

તેવી જ રીતે પવિત્ર આત્મા આપણને મુદ્રા તરીકે આપવામાં આવ્યો છે જે આપણને જણાવે છે કે આપણને ઉદ્ધારના દિવસે ઉદ્ધાર કરવામાં આવશે. જો પવિત્ર આત્મા આપણને આપવામાં આવ્યો છે તે વાસ્તવિક છે તો ઉદ્ધારનો દિવસ પણ વાસ્તવિક છે. પ્રભુ ઈસુ સ્વર્ગમાં ગયા અને પવિત્ર આત્મા મોકલ્યો. તે ક્રુસ પરની જે મહાન આશા પ્રાપ્ત થઈ છે તે નવા કરારની મંડળીઓ સાથે, પુનરુત્થાનની આશા અને આપણે સદાકાળનાં માટે ઈશ્વર સાથે જીવીશું એ લાગણી આપણને દુન્યવી જીવન જીવવા માટે ઈશ્વરની મદદથી આગળ વધવા માટે ઉર્જા પુરી પાડે છે.

જો આપણે દરરોજ પુનરુત્થાનનાં સામર્થ્યમાં વૃદ્ધિ પામતાં નથી તો આપણે આ દુનિયામાં જીવવા માટેની શક્તિ ગુમાવી બેસીશું.

ભૂતકાળમાં ઘણાં પ્રેરિતોએ પોતાને ઘણાં દેશો, ખંડો અને શહેરો માટે પુનરુત્થાનનાં સાક્ષી તરીકે સાબિત કર્યા છે, તેઓએ માત્ર પ્રભુ ઈસુના નામનો પ્રચાર કર્યો પણ તેમનાં જીવનોમાં પ્રભુ ઈસુનાં સામર્થ્યને પણ સાબિત કર્યું. કેમકે આપણો ઈશ્વર એ કંઈ સામાન્ય રીતે પુનરુત્થાન નથી પામ્યા, જ્યારે પ્રભુઈસુ ખ્રિસ્ત જીવતા હતા ત્યારે રોમન સરકાર સત્તામાં હતી તેમનાં દફન માટે શરીર પણ મળ્યું ન હતું. પ્રભુ ઈસુ તેમના પુનરુત્થાન પછી તેમનાં શિષ્યોને દેખાયા હતા અને તેના તેઓ સાક્ષીઓ છે. તેથી શિષ્યોએ પ્રભુ ઈસુના પુનરુત્થાનને ઘણાં સામર્થ્યથી જાહેર કરવા લાગ્યા એટલે પિલાત ઉપર અને રોમન સૈનિકો ઉપર રોમન સરકાર દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું.

પવિત્ર આત્માનાં આગમનથી સમગ્ર યરૂશાલેમ બદલાઈ ગયું, પીતર જે અભણ હતો તેનો ઉપદેશ સાંભળતા લોકો મોટી સંખ્યામાં જીવન બદલાણ પામ્યા અને બાપ્તિસ્મા લેવા લાગ્યા તેથી જ પાઉલે રોમનના પત્ર ૧:૫ કલમ જણાવે છે કે "સર્વ પ્રજાઓ તેમના નામની ખાતર વિશ્વાસને આધીન થાય, એ માટે અમે તેમની મારફતે કૃપા તથા પ્રેરિત પદ પામ્યા છીએ."

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન ત્યારથી સાબિત થયું હતું અને આજ સુધી એ જ છે. તેવી જ રીતે તેમનું બીજું આગમન પણ સત્ય છે. આવો આપણે તેના માટે તૈયાર થઈએ અને વણખેડાયેલાં વિસ્તારના લોકોને શુભ સમાચાર પહોંચાડીએ અને તેમને ન્યાયના દિવસને માટે તૈયાર કરીએ. ચાલો આ કાર્યને આપણું મુખ્ય કાર્ય બનાવીએ.

હાલેલુયાહ!

Obituary /
Missionary / Village Adoption Service - Thanksnote

ONLINE BANK DETAILS FOR SUBSCRIPTION

A/C Name: VISHWA VANI SAMARPAN
Bank: STATE BANK OF INDIA
A/C No.: **1040 845 3024**
IFSC Code: **SBIN0003870**
Branch: ANNANAGAR WEST, CHENNAI

We request you to share your transaction reference to acknowledge with receipt

✆ 044-26869200

મેવાડી - વાગડી મેળો

૨૧-૨૨ ફેબ્રુઆરી-૨૦૨૪
માનસ ક્ષેત્ર-રાજસ્થાન

તાજેતરના દિવસોમાં મેવાડી અને વાગડી લોકોનું જૂથ જીવિત વચનોમાં ઊંડા ઉતરી રહ્યા છે. રાજસ્થાનના ગામોના હિત માટે ક્ષેત્રના સેવકો દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રયાસો પર પ્રભુના આશીર્વાદ છે. ઉદયપુર પ્રાંતના ૧૯૨ ગામોમાં ચાલુ રહેલ કાર્યના પરિણામે, ૨૩૨૦ લોકો વિશ્વાસીઓની યાદીમાં જોડાયા છે. તેમાંથી ૧૫૫૦ લોકોએ મેવાડી-વાગડી મેળામાં હાજરી આપી હતી. તેઓ સાક્ષીઓ અને ઈશ્વરના વચન દ્વારા મજબૂત થયા હતા અને તેઓ તેમના સંબંધીઓ વચ્ચે શાંતિના દૂત બનવા માટે પ્રતિબદ્ધ થયા છે.

માનસ ક્ષેત્રની આજુબાજુના ગામોને તબીબી સહાય પૂરી પાડવી તે એક મહાન આશીર્વાદ હતું. આપણા ઈશ્વર સેવકો દ્વારા તેમના મહિમા માટે મોટા ચમત્કારો કરી રહ્યા છે. જેમણે ઈશ્વરના કાર્ય માટે તેમના પરિવારો સાથે સંપૂર્ણ રીતે પોતાને પ્રતિબદ્ધ કર્યા છે. સુવાર્તા દ્વારા ગામોમાં અને લોકોના અંગત જીવનમાં જે પરિવર્તન જોવા મળે છે. તેના કારણે લોકોએ બંને મેળામાં તેમના સાક્ષીઓ વહેંચ્યા ! ધન્ય છે જેઓએ કામ કર્યું, પ્રાર્થના કરી અને દાન આપ્યું છે, તેમને ઈશ્વર આશીર્વાદ આપો ! હાલેલુયાહ !

- મોહનલાલ મીણા

હો, સંતાલી મેળો

૧૪-૧૬ ફેબ્રુઆરી-૨૦૨૪
બનિયાજોડી, ઓરિસ્સા

૨૦૦૦ લોકો કે જેઓ સમજી ગયા છે કે, આંતરિક માણસ માટે સુખ અને શાંતિ ફક્ત સુવાર્તા દ્વારા જ છે જે ઓરિસ્સામાં યોજાયેલા 'હો-સંતાલી મેળા' માં એકઠા થયા હતા. ગામના સ્થાનિક વહીવટકર્તાઓ અને આગેવાનોએ ખૂબ સહકાર આપ્યો અને તે ઈશ્વરના હાથની સાક્ષી માટે ઈશ્વરની આગેવાની હતી. આ મેળો "ખ્રિસ્ત પ્રત્યે આદરભાવથી એકબીજાને આધીન થાઓ." તે મુદ્રાલેખ હેઠળ યોજાયો હતો. (એફેસી ૫:૨૧). રેવ. ડૉ. સુબર્સન, રેવ. ડૉ. બેન્જામિન, રેવ. જગનાથે ઈશ્વરનું વચન વહેંચ્યું હતું. ઈશ્વર બધા સેવકોને અને બધા વિશ્વાસીઓ કે જેમણે વિશ્વાસીઓ માટે ખોરાક, પાણી અને રહેવાની વ્યવસ્થા કરી જેમણે સખત મહેનત કરી, તેમને ખૂબ આશીર્વાદ આપે. હો અને સંતાલી લોકો પેઢીઓ સુધી આગળ વધે !

- જગનાથ હેમબ્રમ

જતાપુ મેળો

૧૦-૧૧, ફેબ્રુઆરી-૨૦૨૪
ગોરાટી, આંધ્રપ્રદેશ

'જતાપુ મેળો' દર વર્ષે એક વખત સેવાક્ષેત્રમાં સેવકોની સંખ્યા વદારવા માટે યોજવામાં આવે છે. જ્યાં ઘણા લોકોના જૂથો અને ગામો સુવાર્તા દ્વારા પહોંચી શકતા નથી. અમે આંધ્રપ્રદેશના ગોરાટી ક્ષેત્રમાં યોજાયેલા મેળામાં ૧૦૦૦ લોકોની હાજરીની અપેક્ષા રાખી હતી. પરંતુ પૂર્વ ઘાટ પર પથરાયેલા ૫૦ થી વધુ ગામોના ૧૧૦૦ લોકોએ બે દિવસીય બેઠકમાં હાજરી આપી હતી. આપણા ઈશ્વર જતાપુ લોકો સુધી એક મહાન ખડક, તેમના પ્રેમાળ માલિક, તેમના તારણહાર અને અંધકારને દૂર કરનાર પ્રકાશ તરીકે પહોંચ્યા છે. સંધ્યા સમયે મોટી સંખ્યામાં આગળ આવેલા અને આત્મસમર્પણ કરનારા જતાપુ લોકોની હૃદયપૂર્વકની કબૂલાત નોંધનીય છે. તેઓએ એમ કહીને સાક્ષી આપી કે, તેઓ ઈસુ ખ્રિસ્તના લોહીના સાક્ષી છે જેણે તેમને શુદ્ધ કર્યા, તેઓ ઇચ્છે છે કે, તેમને સ્પર્શેલો પ્રેમ પર્વતો પર રહેતા તમામ લોકોને સ્પર્શે છે. ઈશ્વર સ્તુતિ થાઓ.

સેવાના ભાગીદાર તરીકે ગુંટુરથી આવેલા ૨૫૬ લોકોને તબીબી સહાય પૂરી પાડવામાં આવી હતી. બાળ વિભાગના અમારા સભ્યોએ ૧૨૦ બાળકો સાથે ઈશ્વરનો પ્રેમ વહેંચ્યો છે.

વિશ્વાસ કબૂલાત સેવા અને પવિત્ર પ્રભુ ભોજન સેવા સાથેનો અંતિમ દિવસનો કાર્યક્રમ એ વાતનો સાક્ષી હતો કે, ઈશ્વર જતાપુ લોકોના જૂથમાં તેમની ઇચ્છા પૂરી કરી રહ્યા છે. વિશ્વાસુઓ અને સેવકો રાવડા રામભદ્રપુરમ અને બબ્બીડી ક્ષેત્રોમાં આવી સભાઓ કરવા માટે તૈયાર થઈ રહ્યા છે. હાલેલુયાહ !

- અપ્પલા નાયડુ

સોરા મેળો

૧૬-૧૮, ફેબ્રુઆરી-૨૦૨૪
કોઠાગુડા, આંધ્રપ્રદેશ

આ ચમત્કારના દિવસો છે જ્યાં ઈશ્વરના આશીર્વાદ અને આ પેઢી પર તેમનો આત્મા રેડવાનું ઈશ્વરનું વચન પૂર્ણ થયું છે. કોટ્ટુરુ મંડળ ખાતે ૨૭મો વાર્ષિક મેળો ત્રણ દિવસ માટે યોજાયો હતો. સેવકો, મંડળીના વડીલો અને કો-ઓર્ડિનેટર કે જેમણે ભેગા થઈને મેળા માટે છેલ્લા પણ મહિનાથી પ્રાર્થના અને અન્ય શારીરિક કાર્ય દ્વારા પ્રયત્નો કર્યા હતા તેઓએ ઈશ્વરને મહિમા આપ્યો. સોરા મંડળીના સેંકડો આગેવાનો, સેવકો અને તેમના પરિવારો એકઠા થયા અને પ્રે.કૃ.૯:૩૧ દ્વારા સમૃદ્ર થયા. ૩૩ સભ્યો સાથે ગાયકનો સંપૂર્ણ રીતે પવિત્ર આત્મા દ્વારા અભિષિક્ત કરવામાં આવ્યો હતો. તે તેમને સુવાર્તા કાર્ય અને મંડળી સંબંધિત સેવાઓ માટે પોતાને પ્રતિબદ્ધ કરવા પ્રોત્સાહિત કરે છે. અમે સંધ્યા પ્રાર્થના સમય, વિશ્વાસ કબૂલાત સેવા અને પવિત્ર સમુદાય સેવા દરમિયાન ઈશ્વરની હાજરી અનુભવી શક્યા.

મેળાના છેલ્લા દિવસ દરમિયાન અમે એવા પણ ઘણા લોકોને જોઈ શક્યા જેમણે ઈસુના અવાજનો જવાબ આપતાં અમારી સાથે જોડાયા હતા ! જેમણે લોકો માટે તબીબી સહાય પૂરી પાડવામાં મદદ કરી અને બાળકોના વર્ગો ચલાવીને બાળકોની સંભાળ લીધી તેમના માટે ઈશ્વરનો આભાર. જેઓએ ભોજન તૈયાર કર્યું અને પીરસ્યું, કેમ્પસ, સાઉન્ડ સિસ્ટમની જાળવણી કરી અને રાત-દિવસ કામ કરનારા તમામનો પણ અમે આભાર માનીએ છીએ. ઈશ્વરની સ્તુતિ થાઓ.

- શિબિર સંયોજકો.

નેટવર્ક ચેરમેન તરફથી...

પુનરુત્થાન પામેલા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં ઈસ્ટરની સલામ.

ભારતમાં આપણા બધા મિશન ક્ષેત્રોના લોકો ખ્રિસ્તને ઈશ્વરના પુત્ર તરીકે કબૂલ કરે છે અને ત્યાંથી જીવંત શબ્દની ખાતરી કરે છે જે કહે છે, જે લોકો આવા હોય છે તેઓ સુખી હોય છે; જેઓના ઈશ્વર યહોવા છે તેઓને ધન્ય છે. (ગીતશાસ્ત્ર ૧૪૪:૧૫) જાતાપુ લોકો આંધ્ર પ્રદેશના શ્રીકાકુલમ, મન્યમ અને વિઝિયાનગરમ જિલ્લામાં વસવાટ કરે છે જે પર્વતીય પ્રદેશોમાં ફેલાયેલા છે. એવું કહેવાય છે કે ૧૦૦૦થી વધુ ગામોમાં લગભગ ૨ લાખ ૫૦ હજાર જાતાપુ લોકો રહે છે.

વર્ષ ૧૯૯૩ થી મારી યાદગિરીને લખવા માટે ઈશ્વર દ્વારા મને દોરવામાં આવ્યો હતો. અમે જીસસ મૂવી અને સાઉન્ડ સાધનો બધાને અમારી સુવાર્તા વાનમાં મૂકવા માટે પ્રોજેક્ટ બોક્સ સાથે ડોનુબાઈ ગામમાં પહોંચ્યા. ઈશ્વરે અમને આ ફિલ્મ દ્વારા જાતાપુ ગામમાં નવા સંપર્કો આપ્યા જ્યાં અમારો અગાઉનો સંપર્ક નહોતો. લોકોને ઈશ્વરના વચનમાં ખૂબ રસ હતો. ૧૯૯૪માં હૈદરાબાદ પ્રશિક્ષણ કેન્દ્રમાં પ્રથમ બેચમાં યુવાનો મનમધા રાવ અને રેલૈયાને તાલીમ આપવામાં આવી હતી અને ૧૯૯૫માં દોનુબાઈ પર્વત માટે મિશનરી તરીકે મોકલવામાં આવ્યા હતા અને તેથી સેવાક્ષેત્રની સ્થાપના કરવામાં આવી હતી. અમારા ઈશ્વરે અમારી સેવાઓને આશીર્વાદ આપી જેમ કે, રેડિયો પ્રોગામ - અમારી સુવાર્તા વાહન ટીમ દ્વારા સુવાર્તા મૂવી સ્ક્રીનીંગ - તાલીમ કેન્દ્રમાં તાલીમ વગેરેમાં અમારી મદદ કરી. સેવા ક્ષેત્ર મંડળીઓ એવા લોકોથી ભરેલી હતી જેમને બચાવી લેવામાં આવ્યા હતા.

હાલમાં, ૬૨ જાતાપુ મિશનરીઓ અને તેમના પરિવારો ઈશ્વરની કૃપાથી આ પર્વત પર આવેલા ૩૫૪ ગામોમાં સુવાર્તા વહેંચી રહ્યા છે. પવિત્ર આત્માએ અમને ૯૨ આરાધના જૂથો શરૂ કરવા સક્ષમ કર્યા! ૫૦૦૦થી વધુ જાતાપૂ લોકો ૭૫ ગામોમાં ભેગા થાય છે જ્યાં મંડળીની ઈમારતો ઊભી કરવામાં આવી છે. આરાધના સેવા સામાહિક યોજાય છે, અને ઈશ્વરના નામનો મહિમા કરવામાં આવે છે! હાલેલુયાહ.

પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ કે ૧૧ ક્ષેત્રામાં મંડળીઓનું બાંધકામ ૬ મહિનામાં પૂર્ણ થશે. જાતાપૂ લોકોમાં સેવાની શરૂઆત અગાઉના તબક્કે તેલુગુ સેવકો દ્વારા કરવામાં આવી હતી. પરંતુ હવે, મૂળ જાતાપૂ સેવકોના પ્રયાસો દ્વારા સુવાર્તા ૧૦૦% ફેલાયેલી છે! અમે ફિલ્ડ મંડળીઓમાં વૃદ્ધિ, સેવામાં વધારો અને વિશ્વાસીઓ અને તેમની પેઢી સાથે દ્રષ્ટિ વહેંચવાના પ્રયત્નોને જોઈને ખૂબ જ આશીર્વાદ છીએ.

ફિલ્ડમાં દર બે મહિને એક વખત ત્રણ દિવસ માટે અકે ખાસ સભા 'જઈએ અને વારસો પામીએ' શીર્ષક હેઠળ યોજવામાં આવે છે. મંડળીમાં વિશ્વાસીઓ અને મિશનરીઓ જોડાય છે અને પડોશી ગામોમા પ્રાર્થના કરવા જાય છે. નવા ગામોને સુવાર્તા દ્વારા સ્પર્શ કરવામાં આવ્યા હતા અને ઈસુ પરના પ્રેમ અને વિશ્વાસ દ્વારા તેમની અજ્ઞાનતા, પાપ અને બંધનો અને શ્રાપ દૂર કરવામાં આવ્યા હતા.

દરેક ક્ષેત્રમાં 'વન ડે વિથ જીસસ' નામના પ્રથમ પેઢીનાવિશ્વાસુઓ માટેની શિબિર તેમને ઈશ્વરના વચન અને સંગતમાં વૃદ્ધિ પામવા સક્ષમ બનાવે છે.

ડોનુબાઈ ક્ષેત્રમાં જાતાપુનું વાર્ષિક સંમેલન :

જાતાપુ સેવાની ટીમની વ્યુહરચના અનુસાર ૪ વેબ સેન્ટરોમાં દર વર્ષે યોજાતા સંમેલનમાં વિશ્વાસુઓ એકઠા થાય છે. સંમેલનનો મુખ્ય ઉદ્દેશ વિશ્વાસુઓને સંગત, એકતા ભાઈચારો, પ્રેમ ઈશ્વરની

શક્તિ અને સુવાર્તા કાર્યમાં વૃદ્ધિ કરવા સક્ષમ બનાવવાનો છે.

૨૦૨૪માં યોજાયેલા ૪ જાતાપૂ સંમેલનો પૈકી, એક ડોનુબાઈ પર્વત પર ૨૦ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન યોજવામાં આવ્યું હતું. તે ૧૯૯૩ માં હતું, સુવાર્તા ફિલ્મ દર્શાવતા સુવાર્તા વાહન દ્વારા અમારું પ્રથમ મિશન ક્ષેત્ર શરૂ થયું હતું ! અમારા સેવાક્ષેત્રોમાંથી ૬૫૦ વિશ્વાસીઓ ડોનુબાઈ પર્વત પર એકઠા થયા જેનું તાપમાન સુખદ હતું, અને તેઓ પ્રભુમાં મજબુત થયા.

જાતાપૂ લોકો તેમના સમાજ, નાણાકીય, વ્યવસાય, શિક્ષણ અને પદમાં આશીર્વાદિત હતા તે દિવસથી જ્યારે તેમની સાથે સુવાર્તા વહેંચવામાં આવી હતી, અને તેઓ સૌથી વધુ આશાર્વાદિત લોકો બનવાના છે. જે ગામડાઓ આપણે પ્રાર્થના કરીએ છીએ અને ટેકો આપીએ છીએ તે ઈશ્વર દ્વારા આશીર્વાદિત થાય.

એક પ્રેમાળ વિનંતી :

ડોનુબાઈ એ શ્રીકાકુલમ જિલ્લામાં જાતાપૂ મિશનનું મુખ્ય મથક છે. અહીં, અમે વર્ષ ૧૯૯૭માં એ મંડળી બાંધી હતી; અને એક એકર જમીનમાં ચાઈલ્ડકેર સેન્ટર અને લર્નિંગ સેન્ટર માટે બાંધકામ કર્યું છે. વર્તમાન સેવાનો વિકાસ કરવા માટે આપણે તેમને નવીનીકરણ કરવાની જરૂર છે. અમે હજુ પણ કમ્પાઉન્ડ વોલ બનાવી નથી અને તેથી અમારા માટે કેન્દ્રનું રક્ષણ કરવું મુશ્કેલ છે. અમારે કમ્પાઉન્ડ વોલ બનાવીને કામ શરૂ કરવાની જરૂર છે.

કમ્પાઉન્ડ વોલ બનાવવા માટે ૬,૦૦,૦૦૦રૂની જરૂર છે. આ ઉપરાંત બોરવેલમાં પૂરતું પાણી નથી. આથી બીજો બોરવેલ ખોદવા માટે અમને ૩,૦૦,૦૦૦રૂની જરૂર છે. જાતાપૂ મિશનની સુધારણા માટે મંડળીના નવીનીકરણ અને કેમ્પસમાં ઈમારતોના નિર્માણ માટે ૩,૦૦,૦૦૦રૂની જરૂર છે. અમે તમારી સમક્ષ રજૂ કરીએ છીએ કે અમને કુલ ૧૦,૦૦,૦૦૦રૂની જરૂર છે. તમારી મદદ જાતાપૂ સમાજના ઉત્થાન માટે અને બાળકો, યુવાનો અને મહિલાઓ વચ્ચે સેવાકાર્ય વધુ અસરકારક રીતે કરવા માટે એક મોટો આધાર બનશે.કમ્પાઉન્ડની દિવાલના બાંધકામમાં મદદ કરશો, તદુપરાંત બોરવેલ, પ્રભુમંદિર, બાળકોનું સેન્ટર અને લર્નિંગ સેન્ટરની જાળવણી માટે પણ મદદ માટે આગળ આવશો. તમારી પ્રાર્થના અને દાન દ્વારા આ સેવાને ટેકોને આપશો.

પ્રભુ તમને અને તમારા પરિવારને આશીર્વાદ આપે.

ખ્રિસ્તમાં તમારો ભાઈ,

પી. સેલ્વરાજ, ડાયરેક્ટર, વિશ્વ વાણી નેટવર્ક

હૈદરાબાદ

અવરોધોને પાર કરીને...

રેવ. ડો. એસ. ઈમેન્યુઅલ જ્ઞાનરાજ, ડાયરેક્ટર - પ્રેયર નેટવર્ક

વર્ષ ૧૯૮૧માં પ્રભુએ મને પ્રથમ વખત મારા સેવાકાર્યમાં એક મહાન પરિવર્તન આપ્યું. મને વર્ષ ૧૯૭૬માં પૂર્ણ સમયના સેવાકાર્ય માટે ઈશ્વર દ્વારા બોલાવવામાં આવ્યો. તેથી, મેં મારી નોકરીમાંથી રાજીનામું આપ્યું અને સુવાર્તા કાર્ય માટે 'કાશ્મીર ઈવેન્જલિકલ ફેલોશિપ' માં જોડાયો. જમ્મુ કાશ્મીરના પર્વતીય વિસ્તારોમાં શરુઆતના થોડા વર્ષો ગામલોકોને સુવાર્તા વહેંચવા, ભાષા શીખવામાં બાઈબલનું જ્ઞાન મેળવવામાં અને તાલીમની પદ્ધતિઓ પ્રાપ્ત કરવામાં પસાર થયા. થોડો અનુભવ મેળવ્યા પછી, મેં ખૂબ હિંમત સાથે ગામોમાં ઘરે ઘરે સુવાર્તા વહેંચવાનું શરૂ કર્યું.

જેમ જેમ હું આગળ વધતો ગયો તેમ, ઈશ્વરે મને સેવાકાર્યમાં અલગ રસ્તો બતાવ્યો. મને વ્યક્તિગત પ્રચાર કરતાં સામાજિક કાર્યમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યો હતો. મારે જે ગામમાં કામ કરવાનું હતું તે ગામ દરિયાની સપાટીથી ૭૦૦૦ ફુટ ઉપર હતું હિમવર્ષા દરમિયાન, મારે ગામમાં પહોંચવા માટે ૩૬ કિમી ચાલવું પડતું. મેં મારા પરિવારને ટુ-વ્હીલર પર લઈ જવાનું નક્કી કર્યું. પરંતુ જ્યારે પણ મેં મારી યાત્રા શરૂ કરી ત્યારે મને વરસાદે રોકી દીધો. તેવી જ રીતે, મારે જ્યાં કામ કરવાની જરૂર હતી ત્યાં પહોંચી શક્યો ન હતો. તે સમયે મને એક વૃદ્ધ વ્યક્તિ દ્વારા મારા વિશ્વાસને પડકારવામાં આવ્યો હતો. પછી મારામાં અવરોધો પાર કરવાની હિંમત આવી. મેં મારી પત્ની અને પુત્રી સાથે પર્વતો પર મુસાફરી શરૂ કરી. અમે ૯૦ કિમી ની મુસાફરી કરી. રોડ સ્ટ્રેચનો શ્રેષ્ઠ ભાગ અને ૨૮ કિમી લાંબો રોડ પાર કરવામાં ૬ કલાકનો સમય લાગતો હતો. મુસાફરીમાં ભારે મુશ્કેલી પછી અમે અમારા મુકામ પર પહોંચી જતા. અમને પરેશાન કરતો વરસાદ રાતથી જ બંધ થઈ ગયો. તે અજાયબી હતી! અમે સેવાકાર્ય શરૂ કર્યું!

બે પ્રકારના અવરોધો :

૧. શેતાન તરફથી અવરોધો

આપણે બે પ્રકારના અવરોધોનો સામનો કરવો પડે છે, પછી તે સેવાકાર્ય હોય કે જીવન. તેમને યોગ્ય રીતે સમજવું અને સમજદારીપૂર્વક કાર્ય કરવું જરૂરી છે. સૌપ્રથમ, ઈશ્વરના બાળકોને તેમનું કાર્ય કરવાથી રોકવા માટે શેતાન તરફથી અવરોધો આવે છે તેઓ ફક્ત આપણા વિશ્વાસની કસોટી છે. આપણે આ મુશ્કલીઓને વિશ્વાસ સાથે પસાર કરવાની જરૂર છે. શું મૂસાએ લાલ સમુદ્ર પાર કર્યો નથી? લાલ સમુદ્રમાંથી માર્ગ ખોલવા માટે આપણે વિશ્વાસથી પગલું ભરવાની જરૂર છે. વિશ્વાસની સાથે હિંમતની પણ જરૂર છે જ્યારે આપણે આપણા જીવનમાં લાલ સમુદ્ર જેવી મુશ્કેલીઓને પાર કર્યા પછી પાછળ ફરીએ છીએ, ત્યારે આપણે તેને કેવી રીતે પૂર્ણ કરી શક્યા તે ક્યારેય વિચારી શકતા નથી. વચન "તમે આજે જે ઈજિપ્તવાસીઓને જુઓ છો તે તમે ફરી ક્યારેય જોશો નહિ."(નિર્ગમન ૧૪:૧૩) ઈશ્વરના બાળકો માટે જેઓ તેમની મુશ્કેલીઓમાં વિશ્વાસ સાથે આગળ વધે છે તેમના માટે છે. અમારી પાસે લાખ ગામો સુધી પહોંચવાનું સ્પષ્ટ દર્શન છે. જ્યારે

આપણે પીછેહઠ કરીએ છીએ, ત્યારે આપણે ઈશ્વરને ખુશ કરી શકતા નથી (હીબ્રુ ૧૦:૩૮). વિશ્વાસ શેતાન દ્વારા લાવવામાં આવેલા વિરોધો અને અવરોધોને દૂર કરે છે.

૨. પવિત્ર આત્મા તરફથી અવરોધો

અમે જાણતા હતા અને અમે અપેક્ષા રાખીએ છીએ કે શેતાન અમને રસ્તામાં મુશ્કેલીમાં મૂકશે. પરંતુ આપણે વિચારી શકીએ કે પવિત્ર આત્મા આપણને કેવી રીતે રોકી શકે. મારી સાથે પ્રેરિતોનાં કૃત્યો ૧૬ તરફ વળો. આપણે પ્રેરિત પાઉલની મિશનરી યાત્રા વિશે વાંચ્યું છે. "પાઉલ અને સાથીઓએ ફિગિયા (તુર્કી) અને ગલાતિયાના સમગ્ર પ્રદેશમાં મુસાફરી કરી, પવિત્ર આત્મા દ્વારા એશિયાના પ્રાંતમાં વચનનો પ્રચાર કરતા અટકાવવામાં આવ્યો. જ્યારે તેઓ પ્રાંતની સરહદ પર આવ્યા, ત્યારે તેઓએ બિથિનિયામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઈસુના આત્માએ તેમને મંજુરી આપી નહિ." (વચન ૬ અને ૭)

ઘણી વખત, પવિત્ર આત્મા આપણી યોજનાઓને અટકાવે છે અને તેને અમલમાં મૂકવા માટે પ્રયત્નો કરે છે. ક્યારેક, તે વિરોધ તરીકે આવી શકે છે. અથવા તે વિરોધ છે તેવું આપણને ન લાગે, કદાચ તે વરસાદ હોય શકે જેણે અમારી મુસાફરી અટકાવી દીધી. પરંતુ આપણે કેવી રીતે સમજી શકીએ કે તે શેતાન તરફથી છે કે પવિત્ર આત્માથી?

બલામે વિચાર્યું કે તે ઈશ્વરનું કામ કરી રહ્યો છે. તેણે તો એમ પણ કહ્યું કે ઈશ્વરને ન ગમે તે તે નહિ કરે. પણ તેનું હૃદય ઈઝરાયેલીઓને શાપ આપવા અને પૈસા કમાવવા ઈચ્છતું હતું. તેણે વિચાર્યું કે થોડું કમાઈ શકશે. ગધેડો રસ્તો રોકનાર દેવદૂતને જોઈ શક્યો. પણ આ શંકાસ્પદ પ્રબોધકની આંખો બંધ હતી.

બલામની રીતો ઈશ્વરને પસંદ ન હતી. તે દુન્યવી હતી અને આ આપણા માટે ચેતવણી છે. તેવી જ રીતે, જ્યારે ગેહઝી નામાનની પાછળ ગયો, ત્યારે તેની આંતરિક ચેતનાએ તેને અટકાવ્યો. ત્યાં જ એલિશાએ પ્રશ્ન કર્યો, "જ્યારે તે માણસ તને મળવા તેના રથ પરથી નીચે ઉતરી આવ્યો ત્યારે શું મારો આત્મા તારી સાથે નહોતો? " (૨ રાજાઓ ૫:૨૬). પવિત્ર આત્મા દ્વારા મુકવામાં આવતાં અવરોધોને શાંત કરવા માટે તેને શું પ્રાપ્ત થયું? તેને નામાનની જેમ રક્તપિત્ત હતો! તેથી જ્યારે પવિત્ર આત્મા આપણને રાહ જોવાનું કહે છે ત્યારે આપણે જાગૃત રહેવું જોઈએ, અને આપણે તે મુજબ કાર્ય કરવું જોઈએ. આપણે તેમનો અવાજ સાંભળવાની ઈચ્છા રાખવી જાઈએ.

આપણે વાંચીએ છીએ કે પવિત્ર આત્માએ પાઉલને આશિયામાં વચનની સુવાર્તા આપવા માટે રોક્યો (પ્રેરિતોના કૃત્યો ૧૬:૬). પરંતુ કલમ ૯માં, આપણે જોઈએ છીએ કે તે જ પવિત્ર આત્મા તેમને મકદોનિયા તરફ લઈ ગયો અને પ્રેરિતનાં કૃત્યો પ્રકરણ ૧૯ માં, આપણે જોઈએ છીએ કે ઈશ્વર તેમને યોગ્ય સમયે આશિયામાં લાવ્યા અને તેમના મહિમા માટે તેમનો ઉપયોગ કર્યો. ઈશ્વર આપણને સીધા માર્ગે દોરે છે. જ્યારે તે આપણને રોકે ત્યારે અવાજ સાંભળવા અંતરઆત્માને તાલીમ આપવી જોઈએ અને આપણે તરત જ તેનું પાલન કરવું જોઈએ. સેવાકાર્યમાં એ જરૂરી છે. આપણે ધીરજપૂર્વક ઈશ્વરના સમયની રાહ જોવી જાઈએ.

મંદિર અને દિવાલ બનાવવાનો વિરોધ :

૧. બહારથી આવતા અવરોધો :

બેબિલોનના રાજાના શાસન દરમિયાન ઈસ્રાએલીઓના બંદીવાન તરીકે લઈ જવામાં આવ્યા હતા. તેઓને સાયરસના શાસન દરમિયાન યરુશાલેમમાં મંદિર બનાવવા માટે તેમના કેદમાંથી મોકલવામાં આવ્યા હતા. અમે એઝરા પ્રકરણ ૩ માં વાંચ્યું છે કે તે વાંચ્યું છે કે તેઓએ મંદિરનું પુનઃનિર્માણ કરવાનું શરૂ કર્યું છે. આપણે પ્રકરણ ૪માં પણ જોઈએ છીએ કે બિન્યામીન અને યહુદાના દુશ્મનો વિવિધ રીતે તેમનો વિરોધ કરી રહ્યા હતા. તેઓએ અધિકારીઓને ફરીથી કામ કરવા માટે લાંચ આપી (૪:૫), તેમની સામે આરોપ મૂક્યો (૪:૬), તેઓએ રાજાને કામ રોકવાનો આદેશ આપવા કહ્યું, (૪:૨૧) અને ઈશ્વરના ઘરનું કામ બીજા દિવસ સુધી અટકી ગયું. પર્શિયાના રાજા દાર્યાવેશના શાસનનું વર્ષ હતું. જેમ જેમ આપણે પ્રકરણ ૫ વાંચવાનું ચાલુ રાખીએ છીએ, જ્યારે કામ બંધ કરવાનો આદેશ હતો, ત્યારે તેઓએ પ્રબોધકો તરફથી મળેલા પ્રોત્સાહન દ્વારા મંદિરનું પુનઃનિર્માણ કરવાનું શરૂ કર્યું અને તેઓ હિંમતભેર ઈશ્વર માટે ઊભા રહ્યાં. અંતે, તેઓને રાજાનું ઓળીયું અને ઈશ્વરના કાર્યમાં કોઈ સમસ્યા વિના ચાલ્યું અને સમગ્ર ખર્ચ રાજાએ ઉઠાવ્યો. આપણે અધ્યાય ૬ કલમ ૧૫માં વાંચીએ છીએ કે મંદિર બાંધવામાં આવ્યું હતું.

ઈશ્વરની ઈચ્છા માટે માણસો જે અવરોધો લાવે છે તે કંઈ કરી શકે નહીં. તેવી જ રીતે, આપણે નહેમ્યાના સમયમાં જોઈએ છીએ, કે તેમની પાસે પૂર્વ પરવાનગી હોવા છતાં દિવાલનું પુનઃનિર્માણ કરવામાં વધુ પડકારો હતા. શું આપણે વાંચ્યું નથી કે નહેમ્યા ધમકીઓ અને વિરોધ વચ્ચે પર દિવસમાં દિવાલ બાંધવામાં સક્ષમ હતા?

૨. અંદરથી અવરોધો :

પાઉલ ૨ કોરંથી ૭:૫ માં લખે છે, "...બહારથી લડાઈ, અંદરથી બીક." અમે અમારી પોતાની આંખોથી જોઈ શકતા હતા, બહારથી સેવાકાર્ય માટેનો વિરોધ હતો. પરંતુ એમાં ક્યાંય બીક છે જે આપણા વિકાસ માટે અવરોધરૂપ છે? હાગ્ગાય પ્રકરણ ૧ વાંચો. રાજા દાર્યાવેશના સમયે બંદિવાસમાં રહેલા ઈસ્રાએલઓને મંદિરનું પુ:નિર્માણ કરવા મોકલવામાં આવ્યા ત્યારે તેઓએ શું કર્યું તે જુઓ. "આ મંદિર ઉજ્જડ પડી રહેલું છે, તે દરમિયાન તમારે તમારા છતવાળાં ઘરોમાં રહેવાનો આ વખત છે શું? "(હાગ્ગાય ૧:૪). આ ચેતવણી શા માટે આપવામાં આવી? કલમ ૨ કહે છે કે "સૈન્યોનો (ઈશ્વર) યહોવા કહે છે કે, વખત હજુ આવ્યો નથી." એટલે યહોવાનું મંદિર બાંધવાનો વખત હજુ આવ્યો નથી. (હાગ્ગાય ૧:૨) તેઓ વિશ્વાસુના જીવનમાં આળસ, થાક અને તેના પરિણામે આવતા અનિચ્છા શબ્દો જેવા જ છે. શું આપણે અચકાઈ શકીએ કેમ કે હાગ્ગાઈના દિવસોમાં લોકો કહેતા હતા કે સુવાર્તા વહેંચવાનો હજુ સમય આવ્યાનથી કારણ કે તેની જાહેરાત ન કરવાનો હુકમનામું પસાર કરવામાં આવ્યું છે. વિરોધ થશે, પરંતુ તે કામચલાઉ હશે.

રાજા દાર્યાવેશ દ્વારા દ્વારા પસાર કરાયેલા હુકમની જેમ, સરકાર આદેશ જારી કરશે, 'આખા વિશ્વમાં જાઓ અને સુવાર્તા પ્રગટ કરો...'. શું આ મહાન આદેશ આપણમાં ઉત્સાહ પેદા કરતો નથી? આવો આપણે બાંધીએ. સરકારની આજ્ઞાનું પાલન કરીને તેના અવરોધો પાર કરીએ.

સેવાક્ષેત્ર સમાચાર

સ્તુતિ અને પ્રાર્થના

"હે યહોવા જેમ તને સારું લાગ્યું તેમ તે કર્યું છે." (યૂના૧:૧૪)

૧) જમ્મુ કાશ્મીર : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૮૨**

બાબા ક્ષેત્રના ૩ પરિવારો માટે પ્રભુની સ્તુતિ કરીએ જેઓ ખ્રિસ્તમાં પોતાના પાપોની ખાત્રી પામ્યાં છે. પરગવાલ ખાતે યોજાયેલી સુવાર્તા સભાને માટે પ્રભુનો મહિમા થાઓ. જે દ્વારા ૨૦ લોકો ઉદ્ધાર પામ્યા છે. સ્વંખા ગામના યુવાનોને સુવાર્તા સાંભળવામાં રસ છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. કસ્તુરીલાલને પ્રભુએ એક મોટી દુર્ઘટનામાંથી બચાવ્યાં છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

પાંચરી ખાતે વિશ્વાસની કબૂલાત માટેની સભામાં ભાગ લેવા માટે તૈયાર થઈ રહેલા ૨૦ લોકો માટે પ્રાર્થના કરીએ. કાટલી આરાધના જૂથ સાથે જોડાનાર ૫ નવા પરિવારો ઈશ્વરના વચનો થકી દૃઢ કરવામાં આવે માટે પ્રાર્થના કરીએ. ડોડા જિલ્લાના વણખેડાયેલા ગામો સુધી પહોંચવા પ્રભુ સેવકો પૂરા પાડે માટે પ્રાર્થના કરીએ. ટાંડા અને રાધનોર ખાતે આત્માઓની લણણી માટે શિબિરો દરમિયાન પવિત્ર આત્માનું કાર્ય થાય માટે પ્રાર્થના કરીએ.

૨) પંજાબ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૨૨૭**

પ્રભુની કૃપા અને સહાય થકી ૩ નવા આરાધના જૂથો અને ૬ નવા બાઈબલ અભ્યાસ જૂથો શરુ કરી શક્યાં છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. યુથ કેમ્પ દ્વારા ૧૩ યુવાનોએ પોતાનું જીવન પ્રભુને સોંપ્યું માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ડેંગ્યુ તાવમાંથી સાજા થયેલા સેવક લખવિંદર સિંઘ હવે ફરીથી સેવામાં સક્રીય બન્યા છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. શોધકસભાઓ થકી ૩૦ લોકો ઉદ્ધાર પામ્યા અને વિશ્વાસીઓની સંગતમાં જોડાયા છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૨૭ લોકો ઈશ્વરના વચનો થકી દૃઢ કરી શકાય માટે પ્રાર્થના કરીએ. ૧૦ ગામોમાં પૂર્ણ થયેલ યૂવા શિબિરોના ફોલોઅપ કાર્ય માટે પ્રાર્થના કરીએ. બુલાવોલા અને પજ્જોદેવતા ક્ષેત્રોના વિશ્વાસીઓની આત્મિકવૃદ્ધિને માટે પ્રાર્થના કરીએ. પરમાનંદ પ્રાંત ખાતે ઈશ્વરના વચનો સાંભળનાર લોકો માટે પ્રાર્થના કરીએ.

૩) ઉત્તરાખંડ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૮૫**

૧૧ ગામોમાં શરૂ કરવામાં આવેલા આરાધના જૂથો માટે પ્રભુની સ્તુતિ કરીએ. ૩ સેવાક્ષેત્રની મંડળીમાં ફરી આરાધના જૂથ શરૂ કરવામાં આવી માટે પ્રભુના નામનો મહિમા થાઓ. શોધક સભાઓ

દરમિયાન ૨૪ લોકોએ પોતાના પાપોનો પસ્તાવો કર્યો માટે પ્રભુની સ્તુતિ કરીએ. ૭ યુવાનોએ પૂર્ણ સમય માટે પોતાને સમર્પણ કર્યા માટે પ્રભુની કરીએ.

ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૨૦ લોકો માટે પ્રાર્થના કરીએ. પુરનપુર અને ભાંગેલી ગામો ખાતે સુવાર્તા પ્રગટ કરવામાં આવી છે પ્રાર્થના કરીએ કે લોકો પ્રભુનો સ્વીકાર કરે. રાયવાલા ક્ષેત્ર ખાતે દબોરાહ કેમ્પ પછી તેનું ફોલોઅપ કાર્ય થઈ શકે માટે પ્રાર્થના કરીએ. હરિદ્વાર ક્ષેત્ર ખાતે જ્યાં સેવક રાજેશલાલ સેવા કરી રહ્યાં છે ત્યાં બાઈબલ અભ્યાસ જૂથમાં ઘણાં નવા લોકો જોડાઈ શકે માટે પ્રાર્થના કરીએ.

૪) હરિયાણા : **બાઈબલ અભ્યાસ જૂથ - ૬૬**

ભોર્યાખેરા ખાતે ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૩ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. બામણખેરા ગામની સેવાખાતે શાંતિના પાત્ર તરીકે પ્રભુએ અરવિંદ અને તેનું કુટુંબ આપ્યું છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. નવા વિશ્વાસી મક્કોને પ્રભુએ શારીરિક સાજાપણું આાપ્યું છે અને હવે તે ધંડ ગામમાં પોતાની સાક્ષી આપી રહ્યાં છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. શોધક સભાઓ દ્વારા સુવાર્તા સાંભળનાર ૧૦૮ લોકો માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

યુવાનો માટેની ખાસ સભામાં ભાગ લેનારા ૧૧૪ યુવાનો સ્વૈચ્છીક રીતે સેવાકાર્યમાં મદદરૂપ બને માટે પ્રાર્થના કરીએ. ચરણ, સાગર અને સુનિતા જેઓ બીમાર છે તેમના સાજાપણાં માટે પ્રાર્થના કરીએ. શેરગઢ અને ગોવિંદગઢ સેવાક્ષેત્રો ખાતેથી પૂર્ણ સમયના સેવકો પ્રભુ પૂરા પાડે માટે પ્રાર્થના કરીએ. મોટેડી અને જટીકલાન ક્ષેત્રો ખાતે ચાલી રહેલ દબોરાહ શિબિર દ્વારા પ્રભુ નવા આત્મા આપે માટે પ્રાર્થના કરીએ.

૫) રાજસ્થાન : બાંસવાડા પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૨૨૨**

ગણોદ તાલુકામાં સેવાકાર્ય માટે દ્વાર ખુલ્લા છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. નયના ૪ મહિનાથી બિમાર હતી પણ હવે પ્રભુ ઈસુના નામમાં સાજાપણું મળ્યું છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.કનેલપાડાના રમેશે પાપોથી પસ્તાવો કર્યો છે અને તેના દ્વારા આખા કુટુંબે પ્રભુનો સ્વીકાર કર્યો છે માટે પ્રભુની સ્તુતિ થાઓ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૫ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ.

બાંસવાડા વિશ્વાસીઓની શિબિરમાં ભાગ લઈ રહેલા લોકો માટે પ્રાર્થના કરીએ કે તેઓ સ્વેચ્છાએ સેવામાં જોડાય. યુવાન કનેશની કિડની ક્ષતિગ્રસ્ત છે પ્રભુ તેમને સાજાપણું આપે માટે પ્રાર્થના કરીએ. કરીના માદક દ્રવ્યના વ્યસનથી છૂટકારો પ્રાપ્ત કરે અને પસ્તાવો કરે માટે પ્રાર્થના કરીએ. લંભગતા અને કુશલગઢના લોકો પસ્તાવો કરે અને પ્રભુની ઓળખ પ્રાપ્ત કરે જેથી તેઓ આશીર્વાદ પ્રાપ્ત કરે અને સારું જીવન જીવી શકે માટે પ્રાર્થના કરીએ.

૬) ઉત્તર પ્રદેશ : લખનૌ પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૭૦**

પ્રાર્થના દ્વારા સોબરનલાલને પ્રભુએ વાઈની બિમારીથી સાજાપણું આપ્યું માટે પ્રભુની સ્તુતિ કરીએ. બરૌલા વિશ્વાસીઓની સંગતમાં જોડાનાર ૫ નવા વિશ્વાસીઓ માટે પ્રભુના નામનો મહિમા થાઓ. સેવક સુરેન્દ્રકુમાર દ્વારા એક નવી આરાધના શરૂ કરવામાં આવી માટે પ્રભુની સ્તુતિ કરીએ. બખ્ખરી ખાતે પ્રભુમંદિરનું નિર્માણ કાર્ય થઈ શક્યું માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

મોહમદાબાદ ખાતે આરાધના જૂથમાં નવા જોડાનાર ૨ પરિવારો માટે પ્રાર્થના કરીએ કે તેઓ પ્રભુના વચનોમાં દૃઢ થાય. શક્કરપુર ખાતે નવી મંડળી શરૂ થાય માટે પ્રાર્થના કરીએ. અપૂર્વના કુટુંબને પ્રભુ

બાળકનું દાન આપે માટે પ્રાર્થના કરીએ. સેવક રામદુલારે અને અમરદીપ દ્વારા આયોજિત શોધક સભાઓ ઘણાં લોકોને માટે આશીર્વાદનું કારણ બની રહે માટે પ્રાર્થના કરીએ.

૭) પશ્ચિમ બંગાળ : દાર્જિલિંગ જિલ્લો : **બાઈબલ અભ્યાસ જૂથ - ૬૪**

સાગર ઉરાન માટે પ્રભુની સ્તુતિ કરીએ જેણે સુવાર્તા સાંભળ્યા પછી માદક દ્રવ્યના વ્યસનથી છૂટકારો મેળવ્યો છે. ક્ષય રોગમાંથી સાજા થયેલા સુભાષ દમલને માટે પ્રભુની સ્તુતિ કરીએ. સાજિત ઈંદવારે પ્રથમ વખત ઈશ્વરના વચનો સાંભળ્યાં પછી ઈસુ માટે તેમનું હૃદય ખોલ્યું છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. બિશાલ હસદા અને ફુલમણી મુંડા કે જેમને ખ્રિસ્તમાં નવું જીવન મળ્યું છે જેના કારણે કુટુંબ શાંતિનો અનુભવ કરી રહ્યું છે પ્રભુના નામનો મહિમા થાઓ.

થાનઝોર સેવા ક્ષેત્ર ખાતે પ્રભુમંદિરના નિર્માણ કાર્યને માટે જમીન પ્રાપ્ત થઈ શકે માટે પ્રાર્થના કરીએ. ઘોપુકુર પ્રભુમંદિરના વિસ્તરણ કાર્યને માટે પ્રાર્થના કરીએ જ્યાં વિશ્વાસીઓની સંખ્યા વૃદ્ધિ પામી રહી છે. દાર્જિલિંગ જિલ્લાના ગામોને માટે ૨૦ નવા સેવકો પ્રભુ પૂરા પાડે માટે પ્રાર્થના કરીએ. પંટકી અને બૈરાગી યુવાનો માટે પ્રાર્થના કરીએ કે તેઓ સુવાર્તાના કાર્યમાં જોડાય.

૮) પશ્ચિમ બંગાળ : કોલકતા પ્રદેશ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૭૪**

પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૧૪ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. સેવા કાર્યને માટે પ્રભુએ આપેલા ૨ નવા સેવકો માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ક્ષય રોગથી સાજા થયેલા સનાતન કિસ્કુ માટે પ્રભુની સ્તુતિ કરીએ જે પોતાની સાક્ષી બીજા લોકોને વહેંચી રહ્યાં છે. તારાગંજ ક્ષેત્રના વિશ્વાસીઓ ઈશ્વરના વચનો સાંભળવા ઘણાં ઉત્સાહી છે પ્રભુના નામનો મહિમા થાઓ.

પ્રાર્થના કરો કે સેવક શિબલ ટુડુ, નારણ બહાલી અને જેકબ ટુડુને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય. સુરીશતુલી ક્ષેત્રમાં પ્રભુમંદિરના નિર્માણકાર્ય માટે જમીન પ્રાપ્ત થઈ શકે જ્યાં વિશ્વાસીઓની સંખ્યા વૃદ્ધિ પામી રહી છે માટે પ્રાર્થના કરીએ. સુમિત્રાટુડુને પ્રભુ કેન્સરથી સાજાપણું આપે માટે પ્રાર્થના કરીએ. ભાલદા અને દક્ષિણ દિનાજપુર માલદા અને દક્ષિણ દિનાજપુર જિલ્લાઓમાં યોજાયેલા ક્ષેત્રીય સર્વેમાં પ્રભુની દોરવણીને માટે પ્રાર્થના કરીએ.

૯) સિક્કિમ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૫૯**

સલિગા શંકર માટે પ્રભુની સ્તુતિ કરીએ જેમને માદક દ્રવ્યના વ્યસનથી છૂટકારો મળ્યો છે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તને ગ્રહણ કર્યા છે. વાંકચૂક માટે પ્રભુની સ્તુતિ કરીએ જે એક સમયે સેવાનો વિરોધ કરી રહ્યાં હતાં પરંતુ હવે તેમણે પસ્તાવો કર્યો છે અને પોતાના પરિવાર માટે પ્રાર્થના કરવાનું જણાવ્યું છે. સુરજ રાય અને બહાદુર રાય માટે પ્રભુની સ્તુતિ કરીએ જેમણે સુવાર્તા સાંભળવામાં રસ દર્શાવ્યો. ગંગચુંગ અને રાનીદારા ગામોમાં સેવા કાર્ય માટે દ્વાર ખુલ્લા છે માટે પ્રભુની સ્તુતિ કરીએ.

સેવક બિક્કા રાય માટે પ્રાર્થના કરીએ જેઓ વિશ્વાસની કબૂલાત માટેની સભાનું સંચાલન કરે છે. ૩ સેવા ક્ષેત્રો ખાતે સેવકોના રહેઠાણ માટેની વ્યવસ્થા અને નિર્માણકાર્ય થઈ શકે માટે પ્રાર્થના કરીએ. અપર રિમ્બિક ખાતે ચાલી રહેલ શોધકસભાઓમાં નવા લોકો ભાગ લઈ શકે માટે પ્રાર્થના કરીએ. તેસેંગથાંગ અને હટિડુંગા ક્ષેત્રના વિશ્વાસીઓની આત્મિક વૃદ્ધિને માટે પ્રાર્થના કરીએ.

૧૦) મણિપુર : **બાઈબલ અભ્યાસ જૂથ - ૩૦૮**

નવા વિશ્વાસી લાલતીબાઈને પ્રભુએ કેન્સરમાંથી સાજાપણું આપ્યું માટે પ્રભુની સ્તુતિ કરીએ. ૫૪ ગામોમાં સુવાર્તા કાર્ય કરી શક્યા માટે પ્રભુના નામનો મહિમા થાઓ. પ્રભુની સ્તુતિ થાઓ કે જેમણે બાઈબલ અભ્યાસ જૂથો શરૂ કરવા દ્વાર ખોલ્યાં છે અને ૧૦૫ ગામોમાં નાના જૂથ સાથે સાપ્તાહિક સભાઓ

શરૂ કરવા સહાય કરી છે. નવા વિશ્વાસી કૈલાસ અને નરેન્દ્રના ઘરો સુવાર્તા કાર્યને માટે ખુલ્લા છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

વહેંગ ખુનૌ ખાતેની સેવાનો વિરોધ કરી રહેલા લોકો માટે પ્રાર્થના કરીએ. લલિતસિંહ ચાલવા માટે અસમર્થ છે પ્રભુ સાજાપણું આપે માટે પ્રાર્થના કરીએ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરવા તૈયાર થઈ રહેલા ૧૦ લોકોને માટે પ્રાર્થના કરીએ. હૈનઉબાન્કે અને હૈરાકે ખાતે સુવાર્તા માટે દ્વાર ખુલ્લા થાય માટે પ્રાર્થના કરીએ.

૧૧) ઓડિશા : ગંજમ, ગજપતિ જિલ્લો : **બાઈબલ અભ્યાસ જૂથ - ૩૩**

ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૫૬ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. ઉંખારીસાહી વિશ્વાસીઓની સંગતમાં જોડાનાર ૩૧ નવા લોકો માટે પ્રભુના નામનો મહિમા થાઓ. સિમીરી ખાતે સેવાના વિરોધને પ્રભુએ દૂર કર્યો છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. પાઈલમ ક્ષેત્રના વિશ્વાસીઓ માટે પ્રભુના નામનો મહિમા થાઓ. તેમણે સાથે મળીને પ્રભુમંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ કરી શક્યા છે અને પ્રભુમંદિરના સમર્પણને માટે રાહ જોઈ રહ્યાં છે.

તેંટીલીસાહી ક્ષેત્રના ઈન્મુલ બડા રાયતા માટે પ્રાર્થના કરીએ જેઓ લકવાગ્રસ્ત છે. આરાધના જૂથમાં નવા જોડાનારા ૧૮ લોકો ખ્રિસ્ત પરના વિશ્વાસમાં દૃઢ થાય માટે પ્રાર્થના કરીએ. લીમસિંગ અને બહલીઆમુલાઈ ખાતે શેરી પ્રચાર કરવામાં આવી રહ્યો છે માટે પ્રાર્થના કરીએ કે ઘણાં લોકો પ્રભુને જીવન સોંપે.

૧૨) ઓડિશા : હો, સંતાલી પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૨૦૧**

અરખામુંડા ગામમાં નવા વિશ્વાસીઓમાંના ૨ પરિવારો સુવાર્તા પ્રચારને માટે રસ ધરાવે છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનારા ૧૦ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. ૧૪ સેવા ક્ષેત્રોમાં ઉપવાસ અને પ્રાર્થના શિબિરો થઈ રહી છે જ્યાં પ્રભુ ચમત્કારો કરી રહ્યાં છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. કુંભીરપાણી, સિંગદાસાહી અને ખાડીબહાલીના વિશ્વાસીઓ માટે પ્રભુના નામનો મહિમા થાઓ જેઓ પડોશી ગામોમાં સુવાર્તાને માટે રસ ધરાવે છે.

બાનિયાજોડી વિશ્વાસીઓના મેળા પછીના ફોલોઅપ કાર્યને માટે પ્રાર્થના કરીએ. કરંજિયા ગામમાં જ્યાં વિશ્વાસીઓની સંખ્યા વૃદ્ધિ પામી રહી છે ત્યાં પ્રભુમંદિરના નિર્માણકાર્યને માટે જમીન ઉપલબ્ધ થઈ શકે માટે પ્રાર્થના કરીએ. નાટિયા અને અદલ ખાતેના વિશ્વાસીઓની આત્મિક વૃદ્ધિને માટે પ્રાર્થના કરીએ. દાંગાશાહી અને જારાશાહી ગ્રામજનોનું જીવન ધોરણ સુધરે અને તેઓ સમૃદ્ધ થાય માટે પ્રાર્થના કરીએ.

૧૩) રાજસ્થાન : ઉદયપુર પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૮૨**

રૂપલીને માટે પ્રભુની સ્તુતિ કરીએ જેને લકવામાંથી પ્રભુએ સાજાપણું આપ્યું છે અને તે દેવગઢ ગામમાં સાક્ષી આપી રહ્યાં છે.

પૂજારી લાલુ અને તેના પરિવારે પ્રભુ ઈસુને તેમના તારણહાર તરીકે સ્વીકાર્યા છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ગોંગુડા પ્રદેશમાં સેવાને માટે પ્રભુએ દ્વાર ખોલ્યા છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. મેવાડી અને વાગડી લોકજૂથ માટે યોજાયેલા મેળા દ્વારા ૧૫૫૦ લોકોને ઈશ્વરના વચનો દ્વારા વિશ્વાસમાં દૃઢ કરવામાં આવ્યા હતા માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

પ્રકાશ ચંદ્રાના પરિવાર માટે પ્રાર્થના કરીએ જેઓ છેલ્લા ૬ વર્ષથી બાળક માટે પ્રાર્થના કરી રહ્યા છે. વિશ્વાસની કબૂલાત માટેની સભામાં ભાગ લેવા માટે તૈયાર થઈ રહેલા ૩૦ લોકો માટે પ્રાર્થના કરીએ.

તોલા અને અરવિંદને પ્રભુ અશુદ્ધ આત્માથી છૂટકારો આપે માટે પ્રાર્થના કરીએ. મોટી ઉન્દ્રી ગામમાંથી અંધકારના કામોને પ્રભુ દૂર કરે માટે પ્રાર્થના કરીએ.

૧૪) ઉત્તર પ્રદેશ : ભોજપુરી પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૭૦**

૪૬ પરિવારો માટે પ્રભુની સ્તુતિ થાઓ જેમને ઈશ્વરના પ્રેમનો સ્પર્શ થયો છે અને તેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિશે વધુ જાણવા માંગે છે. જેલમાં બંધ ૩ સેવકોને વિશ્વાસમાં દૃઢ કરવામાં આવ્યા માટે પ્રભુના નામનો મહિમા થાઓ. નાહરપુર, છટી અને ભવા ખાતેની સેવા દ્વારા મળેલા નવા સંપર્કો માટે પ્રભુની સ્તુતિ કરીએ. ઉર્મિલાદેવીને પ્રભુએ ક્ષય રોગથી સાજાપણું આપ્યું માટે પ્રભુની સ્તુતિ કરીએ.

હીરામજીત અને અરવિંદ કુમારના પરિવારને પ્રભુ આર્થિક સધ્ધરતા આપે માટે પ્રાર્થના કરીએ. મુશાહી પ્રદેશમાં વિવિધ બીમારીઓથી પીડિત લોકો માટે પ્રાર્થના કરીએ. નેવાડા ખાતે પ્રભુમંદિરનું નિર્માણ થઈ શકે માટે પ્રાર્થના કરીએ. પિત્તની સમસ્યાથી પીડિત દિનેશ કુમારના સાજાપણાં માટે પ્રાર્થના કરીએ.

૧૫) ઝારખંડ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૨૮૭**

સુવાર્તા દ્વારા જુગાર અને માદકદ્રવ્યોના વ્યસનથી છૂટકારો મેળવનાર સ્યોન લાકરા માટે પ્રભુની સ્તુતિ કરીએ. પ્રિતમ કુજુરને પ્રભુએ ૮ વર્ષ પછી વાઈની બિમારીમાંથી સાજાપણું આપ્યું માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ઓરાઓન અને મુંડારીના ૧૦ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. હારુપ સેવા ક્ષેત્ર ખાતે આયોજિત શોધક સભા દ્વારા ૭૦ લોકોને પ્રભુની સુવાર્તા આપી શક્યાં માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

સરદાબારથી પરહિયાટીલ સુધીના ૫ ગામોમાં સેવાનો વિરોધ કરી રહ્યાં છે જે પ્રભુ દૂર કરે માટે પ્રાર્થના કરીએ. મેલીવિદ્યા કરનાર સોમરો ભગતનું જીવન બદલાણ પામે માટે પ્રાર્થના કરીએ. કરિશ્મા કુમારીને પ્રભુ માનસિક બિમારીથી સાજાપણું આપે માટે પ્રાર્થના કરીએ. આકરી, ડીંબા અને સીંજો ગ્રામજનોનું જીવન ધોરણ સુધરે માટે પ્રાર્થના કરીએ.

૧૬) ત્રિપુરા : **બાઈબલ અભ્યાસ જૂથ - 333**

ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૧૪ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. નવા વિશ્વાસી એલોશિમ દલપિતરા ગામમાં પ્રભુના વચનો વહેંચી રહ્યાં છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ફારંગ હટાઈ ખાતે આરાધના જૂથમાં ભાગ લઈ રહેલા ૩ નવા પરિવારો માટે પ્રભુની સ્તુતિ કરીએ. પ્રાર્થના દ્વારા સુબરામ દેબબર્માને અશુદ્ધ આત્માના બંધનથી છૂટકારો મળ્યો છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

વિશ્વાસની કબૂલાત માટેની સભામાં ભાગ લેવા તૈયાર થઈ રહેલા ૪૫ લોકો માટે પ્રાર્થના કરીએ. અંધકારની શક્તિઓ જ્યાં કામ કરે છે એવા ચંદ્ર માણિકપારા ખાતે ઈશ્વરના વચનો થકી કાર્ય થાય માટે પ્રાર્થના કરીએ. હૃદયની સારવાર લઈ રહેલા સ્વપ્ન જમાલિયાના સાજાપણાં માટે પ્રાર્થના કરીએ. કવારામ ત્વિહાસિંગ ક્ષેત્રની મંડળીના વિશ્વાસીઓ સુવાર્તા કાર્યમાં જોડાય માટે પ્રાર્થના કરીએ.

૧૭) ઓડિશા : કંધમાલ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૪૧**

સકુસબાલીની ખાતે સુવાર્તા સભા દ્વારા ૩૨૦ લોકોને સુવાર્તા વહેંચી શકી છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. બાળકોની ખાસ શિબિર દ્વારા ઈશ્વરના વચનો બાળકો મધ્યે વહેંચી શક્યાં, બાળકો રસપૂર્વક વચનો સાંભળ્યા માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ખામુપાનીની જીવન સાક્ષીને માટે પ્રભુની સ્તુતિ થાઓ તેના જીવન થકી સમગ્ર પરિવાર પ્રભુની પાસે આવી શક્યું છે. સર્વેક્ષણ દ્વારા સેવા કાર્યને માટે પસંદ કરવામાં આવેલા ૫૦ ગામોને માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૬ લોકો અને તેમના પરિવારને વિશ્વાસમાં દૃઢ

કરવામાં આવે માટે પ્રાર્થના કરીએ. પ્રથમ વખત સુવાર્તા સાંભળનારા ૩૫ લોકો ઈશ્વરના પ્રેમમાં વૃદ્ધિ પામે માટે પ્રાર્થના કરીએ. તુમુદીબંધ અને કોઠાગઢ પ્રાંત ખાતે સેવકો મોકલી શકાય માટે પ્રાર્થના કરીએ. કુટીગુડા ક્ષેત્રના વિશ્વાસીઓની આત્મિક વૃદ્ધિની માટે પ્રાર્થના કરીએ.

૧૮) ઓડિશા : સંબલપુરી : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૨૬**

ડુબ્યુલા વિશ્વાસીઓની સંગતમાં જોડાનારા ૭ નવા લોકો માટે પ્રભુની સ્તુતિ થાઓ. માહુલપાલી સેવા ક્ષેત્રના સેવકને પ્રભુએ હુલ્લડો મધ્યેથી અદ્‌ભુત બચાવ કર્યો માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનારા ૨૩ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. ગુડપાડા અને સાલેદી ખાતે રહેતા લોકો સુવાર્તા પ્રત્યે રુચી ધરાવે છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

વિશ્વાસીઓની વધતી સંખ્યાને લઈને પ્રભુમંદિરના નિર્માણ કાર્યને માટે જમીન ઉપલબ્ધ થઈ શકે માટે પ્રાર્થના કરીએ. સેવક પ્રિયવ્રતા પાઈકનો વિરોધ કરી રહેલા લોકોનું જીવન બદલાય માટે પ્રાર્થના કરીએ. સેવાક્ષેત્રના સર્વે દ્વારા ૧૦૦ ગામો સુધી પહોંચવા સંબલપુરી સેવકો મળી રહે માટે પ્રાર્થના કરીએ. રક્તક્ષીણતાથી પીડિત સેવક રંજન સુનાનીના પત્નીના સાજાપણાં માટે પ્રાર્થના કરીએ.

૧૯) છત્તીસગઢ : ચંપાપ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૨૧૫**

પ્રભુ ઈસુને પોતાના તારણહાર તરીકે કબૂલ કરનારા ૩૦ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. મહુવાપરા ખાતે શરૂ થયેલ આરાધના જૂથ માટે પ્રભુના નામનો મહિમા થાઓ. સેવક ક્રિશ્ના કુમાર અને સરબત સારથીના પરિવારોમાં પ્રભુએ બાળકની ભેટ આપી માટે પ્રભુની સ્તુતિ કરીએ. ૧૨ સેવકોને દાનમાં આપવામાં આવેલ સાયકલ માટે તમામ વિશ્વાસી પરિવારો માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

શોધક સભાઓ દ્વારા પ્રથમ વખત ઈશ્વરના વચનો સાંભળનાર ૬૯૨ લોકો પ્રભુ પરના વિશ્વાસમાં દૃઢ થાય માટે પ્રાર્થના કરીએ. પાટડી ક્ષેત્રના વિશ્વાસીઓને પ્રભુએ નવા પ્રભુમંદિરની ભેટ આપી છે ત્યારે વિશ્વાસીઓ પડોશી ગામો માટે સુવાર્તાનો બોજ પ્રાપ્ત કરે માટે પ્રાર્થના કરીએ. નંદેલી ખાતે બાઈબલ અભ્યાસ જૂથ શરૂ કરવાના થઈ રહેલા પ્રયત્નો માટે પ્રાર્થના કરીએ. ધરમલાલ ટંડન જેમને દારુનું વ્યસન હોવાને કારણે કુટુંબ દુઃખી છે. પ્રભુ ધરમલાલ ટંડનને છૂટકારો આપે માટે પ્રાર્થના કરીએ.

૨૦) મધ્ય પ્રદેશ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૩૧૩**

બીના ખાતે શરુ થયેલ બાઈબલ અભ્યાસ જૂથમાં નવા લોકો જોડાયા હોવાથી પ્રભુની સ્તુતિ કરીએ. ઝબુઆ ખાતે યોજાયેલ યુવા શિબિરને કારણે સેવાકાર્ય માટે ઉજ્જવળ તકો માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ૫ વર્ષના લગ્નજીવન પછી પ્રભુએ રેખાના પરિવારમાં બાળકનું દાન આપ્યું છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. આકાશને પ્રભુએ યોગ્ય નોકરી પૂરી પાડી માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

મૂકેશને પ્રભુ બ્લડ કેન્સરથી સંપૂર્ણ સાજાપણું આપે માટે પ્રાર્થના કરીએ. મંગલ જે પ્રભુના લોકોનો વિરોધ કરી રહ્યો છે પ્રભુ તેને પસ્તાવાનું મન આપે માટે પ્રાર્થના કરીએ. મુજાવર ખાતે સેવા કાર્ય માટે પ્રભુ દ્વાર ખોલે માટે પ્રાર્થના કરીએ. સુવાર્તા જ્યાં હજુ પહોંચી નથી એવા ૧૦૨ ગામોમાં સેવકો મોકલવા માટે પ્રાર્થના કરીએ.

૨૧) હિમાચલ પ્રદેશ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૨૨૩**

૧૬૦ ગામોમાં આયોજિત શોધક સભાઓ માટે પ્રભુની સ્તુતિ કરીએ. ક્ષેત્ર સર્વેક્ષણ દ્વારા ૮ નવા સેવા ક્ષેત્રો પસંદ કરાવામાં આવ્યાં માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ગુડવાલ ગામમાં પ્રભુ લોકો મધ્યે સતત ચમત્કાર કરી રહ્યાં છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૧૦ લોકો માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

પૂર્ણ સમયની સેવાને માટે પોતાને પ્રતિબદ્ધ કરનાર ૧૨ યુવાનો માટે પ્રાર્થના કરીએ. પાંડુરોગથી પીડિત સેવક મનોહરના પુત્ર સમર્થના સાજાપણાંને માટે પ્રાર્થના કરીએ.રાજકાબાગ ખાતે ચાલી રહેલ પ્રભુમંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થઈ શકે માટે પ્રાર્થના કરીએ.

૨૨) દિલ્હી : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૧**

નરેલા અને મદનપુર ખાદર ખાતે બાળકો મધ્યેની સેવા થકી પ્રભુ અમને નવા સંપર્કો આપ્યાં માટે પ્રભુની સ્તુતિ કરીએ. પ્રિયંકા કેમ્પ બાઈબલ અભ્યાસ જૂથમાં જોડાનાર ૩ નવા પરિવારો માટે પ્રભુના નામનો મહિમા થાઓ. પ્રાર્થના થકી અંકુશ અને પુજાને સાજાપણું મળ્યું છે માટે પ્રભુની સ્તુતિ થાઓ. નવા વિશ્વાસી બાયતાની જીવન સાક્ષી દ્વારા પરિવારે શાંતિનો અનુભવ પ્રાપ્ત કર્યો માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

બેકનર ખાતે ઈશ્વરના વચનો સાંભળનાર લોકો માટે પ્રાર્થના કરીએ. વિશ્વાસની કબૂલાત માટેની સભાના પ્રારંભિક વર્ગોમાં ભાગ લઈ રહેલા ૧૨ લોકો માટે પ્રાર્થના કરીએ. મમુપુર ખાતે ચાલી રહેલ શોધક સભાઓ ઘણાં લોકોને માટે લાભદાયી બની રહે માટે પ્રાર્થના કરીએ. સેવા ક્ષેત્રો માટે સંગીતના સાધનો અને હિન્દી બાઈબલની જરૂરિયાત માટે પ્રાર્થના કરીએ.

૨૩) છત્તીસગઢ : રાયપૂર પ્રાંત **બાઈબલ અભ્યાસ જૂથ - ૮૧**

પ્રભુએ અમને ૨૭ આરાધના જૂથમાં 'મિશન સન્ડે' ઉજવવામાં સહાય કરી જ્યાં અમે સેવાના દર્શનને વિશ્વાસીઓ સાથે શેર કરી શક્યાં માટે પ્રભુની સ્તુતિ થાઓ. ૧૦ જગ્યાએ ન.ઈ.ય. સેન્ટરો શરુ કરી શક્યા માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ૭૦ લોકો ખુબ રસ લઈને ઈશ્વરના વચનો શીખી રહ્યાં છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. નવા વિશ્વાસીઓ રાજકુમાર અને ચાંદનીની સાક્ષી દ્વારા તેમનું કુટુંબ પ્રભુની પાસે આવ્યું છે માટે પ્રભુની સ્તુતિ કરીએ.

રાહુલને પ્રભુ કેફી દ્રવ્યથી છૂટકારો આપે માટે પ્રાર્થના કરીએ.દામતરી ખાતે હાથ ધરવામાં આવેલ ક્ષેત્ર સર્વેના કાર્યમાં પ્રભુ દોરવણી પૂરી પાડે માટે પ્રાર્થના કરીએ. નિલેશ લહરેને પ્રભુ ચામડીના રોગથી સાજાપણું આપે માટે પ્રાર્થના કરીએ. ચાંદકુરી સેવા ક્ષેત્રમાં જ્યાં વિશ્વાસીઓની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે ત્યાં પ્રભુ મંદિરના નિર્માણ કાર્યને માટે જમીન પ્રાપ્ત થઈ શકે માટે પ્રાર્થના કરીએ.

૨૪) ગુજરાત ડાંગ જિલ્લો : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૦૨**

પોતાના પાપોની કબૂલાત કરનાર ૭ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. પૂર્ણ સમય સેવાને માટે જીવન સમર્પિત કરનારા ૨ યુવનોને માટે પ્રભુના નામનો મહિમા થાઓ. કમલેશભાઈને પ્રભુએ અશુદ્ધ આત્માના બંધનથી છૂટકારો આપ્યો માટે પ્રભુની સ્તુતિ કરીએ. દક્ષાબેનના પરિવાર માટે પ્રભુના નામનો મહિમા થાઓ જેમને ૫ વર્ષ પછી બાળકનું દાન આપ્યું છે.

બિબુપાડા અને થોરપાડા ક્ષેત્રોના વિશ્વાસીઓની આત્મિક વૃદ્ધિને માટે પ્રાર્થના કરીએ. શિવરીમલ અને વિહિરંબા ગામો ખાતે સેવકોને રહેવા માટે રૂમની વ્યવસ્થા થઈ શકે માટે પ્રાર્થના કરીએ. વિશ્વાસી જયસિંહભાઈ અને મંદરભાઈ માટે સમસ્યાઓ ઉભી કરી રહેલા લોકો માટે પ્રાર્થના કરીએ. વરલી લોક જૂથ મધ્યે સેવાને માટે પ્રભુ નવા સેવકો પૂરા પાડે માટે પ્રાર્થના કરીએ.

૨૫) મહારાષ્ટ્ર : **બાઈબલ અભ્યાસ જૂથ - ૩૧૫**

અર્ચના વાઘવારેના સમગ્ર પરિવારને માટે પ્રભુની સ્તુતિ કરીએ કે જેમણે પ્રભુની સેવાને માટે પોતાના જીવનો સમર્પિત કર્યા છે. સાથલવાડા સેવા ક્ષેત્રમાં પ્રભુ મંદિરનું નિર્માણ કાર્ય આયોજન મુજબ આગળ વધી રહ્યું છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. હૃદયના દુઃખાવાથી પ્રભુએ નાંદેડના બેયનાબાઈને

સાજાપણું આપ્યું માટે પ્રભુની સ્તુતિ કરીએ. સખુબાઈ મેશ્રામનું પરિવાર પિપલગાંવ ક્ષેત્રની સેવામાં પ્રથમ હરોળમાં છે માટે પ્રભુની સ્તુતિ કરીએ.

ગુલતારે અને સૈદાનીપાડા ખાતેના વિશ્વાસીઓને પ્રભુએ નવું પ્રભુમંદિર આપ્યું છે ત્યારે તેઓ પડોશી ગામ માટે સુવાર્તા પ્રત્યે બોજ પ્રાપ્ત કરે માટે પ્રાર્થના કરીએ. ભંડારા જિલ્લામાં ચાલી રહેલી શોધક સભાઓ દ્વારા પ્રભુ ઘણાં આત્મા પૂરા પાડે માટે પ્રાર્થના કરીએ. નલગાંવ ખાતે વિશ્વાસની કબૂલાત માટેની સભાની તૈયારીઓ ચાલી રહી છે તે માટે પ્રાર્થના કરીએ. ગાવંદગાવ અને મુજલગા ગ્રામજનો માટે પ્રાર્થના કરીએ જેઓ ઈશ્વરના વચનો સાંભળી રહ્યાં છે ત્યારે તેઓ પ્રભુના પ્રેમમાં વધતાં જાય માટે પ્રાર્થના કરીએ.

૨૬) તેલંગાણા : હન્માકોંડા પ્રાંત **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૧૮**

લક્ષીટીપેટ મંડલના ૫ ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા લોકો દ્વારા સારો આવકાર મળી રહ્યો છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. કિન્નરસાની અને યાનામબૈલુ પ્રદેશોમાં ૨ બાઈબલ અભ્યાસ જૂથો શરૂ કરવામાં આવ્યાં માટે પ્રભુની સ્તુતિ કરીએ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનારા ૮ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ મધરમ સેવા ક્ષેત્રમાં સેવાનો જે વિરોધ કરવામાં આવતો હતો તે પ્રભુએ દૂર કર્યો છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

૪ યુવાનો જે પૂર્ણસમય સેવાને માટે તૈયાર છે તેમને તાલીમ આપી શકાય માટે પ્રાર્થના કરીએ. મોરકંડી ગામમાં રહેતા લંબડી લોકજૂથ માટે સ્વચ્છ પીવાનું પાણી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે માટે પ્રાર્થના કરીએ. બેસ્ટગુડેમ ખાતે સેવા કરી રહેલા સેવક સંજીવાનો વિરોધ થઈ રહ્યો છે. પ્રભુ તેમનું રક્ષણ કરે અને વિરોધ દૂર થાય માટે પ્રાર્થના કરીએ. ખમ્મામ સેવા ક્ષેત્રના વિશ્વાસીઓ માટે ૨૦૦૦ તેલુગુ બાઈબલ અને ૪ સ્પીકરની જરૂરિયાત માટે પ્રાર્થના કરીએ.

તેલંગાણા હૈદરાબાદ પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૯૦**

યુવાન રમેશને માટે પ્રભુની સ્તુતિ કરીએ જેણે પૂર્ણ સમય સેવાને માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. વર્કલા સેવાક્ષેત્રની મંડળીને માટે સાઉન્ડ સિસ્ટમ દાન પેટે આપનાર એ પરિવારો માટે પ્રભુના નામનો મહિમા થાઓ. જબ્બરગુડા ખાતે ચાલી રહેલા સંધ્યા ટ્યુશન કેન્દ્રનો થઈ રહેલા વિરોધને પ્રભુએ દૂર કર્યો છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. રંગારેડ્ડી જિલ્લા ખાતે વિશ્વાસની કબૂલાત કરનાર ૩ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ.

પેલારુતિપેન્ટા ગામના લોકો કે જેઓ દુષ્ટ આત્માની અસર નીચે જીવી રહ્યાં છે પ્રભુ તેમને છૂટકારો આપે માટે પ્રાર્થના કરીએ. નાગરકુર્નલ અને નારાયણપેટ ખાતે નવા શરૂ કરવામાં આવેલા બાઈબલ અભ્યાસ જૂથમાં ભાગ લઈ રહેલા લોકોના આત્મિક જીવનની વૃદ્ધિને માટે પ્રાર્થના કરીએ. કોંડામાડુગુ અને માધાપુર ક્ષેત્રના વિશ્વાસીઓ દ્વારા સેવા માટે થઈ રહેલા પ્રયત્નો માટે પ્રાર્થના કરીએ. નવા વિશ્વાસીઓ માટે ૧૫૦ તેલુગુ બાઈબલની જરૂરિયાત માટે પ્રાર્થના કરીએ.

૨૭) આંધ્રપ્રદેશ : મધ્ય પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૨૪**

પેડધાચેમાગુડેમ ગામના ગુરુવયને પ્રભુએ રીંછથી બચાવ્યો માટે પ્રભુની સ્તુતિ કરીએ. હવે તે ગ્રામજનોને પોતાની સાક્ષી આપી રહ્યો છે. વેંકટમ્મા અને લક્ષ્મી એ સુવાર્તા સાંભળ્યા પછી માદક દ્રવ્યના બંધનથી છૂટકારો મેળવ્યો છે માટે પ્રભુનો મહિમા થાઓ. બિલાગોંડી ક્ષેત્રની મંડળીમાં નવા લોકો ભાગ લઈ રહ્યા છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. પોથુરાજુપેન્ટા અને પાંડિવનીપલ્લી ખાતે સેવા માટેના દ્વાર ખુલ્લા છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

દદ્નાલાગુડેમ ક્ષેત્રના વિશ્વાસીઓને સેવાનો બોજ પ્રાપ્ત થાય અને ઘણાં લોકોને ન્યાયીપણાં તરફ દોરનાર બને માટે પ્રાર્થના કરીએ. શ્રીનુ અને બયાન જેઓ માદક દ્રવ્યના વ્યસનમાં હોવાથી તેમનાં પરિવારો ઘણાં દુઃખી છે પ્રાર્થના કરીએ. ચિતલાગુડેમ ગ્રામવાસીઓનું જીવન ધોરણ સુધરે અને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરે માટે પ્રાર્થના કરીએ.વીરમક્કાનું પરિવાર વિશ્વાસમાંથી પીછેહઠ થયું છે પ્રભુ તેમને ફરી વિશ્વાસમાં પ્રસ્થાપિત કરે માટે પ્રાર્થના કરીએ.

૨૮) આંધ્રપ્રદેશ : જટાયુ પ્રાંત : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૩૨**

મંત્રજોલા ક્ષેત્રના ૫ યુવાનો જેઓ શિક્ષકની લાયકાત અંગેની પરીક્ષા આપવાની તૈયારી કરી રહ્યાં છે માટે પ્રભુની સ્તુતિ કરીએ. ગુમ્મા અને ચિનાડોડીજા ક્ષેત્રોમાં જટાયુ મેળાનું આયોજન કરવા આગળ આવેલા વિશ્વાસીઓ માટે પ્રભુના નામનો મહિમા થાઓ. ખ્રિસ્તમાં પોતાના વિશ્વાસની કબૂલાત કરનાર ૧૪ લોકો માટે પ્રભુની સ્તુતિ કરીએ. લિંગગુડા પ્રભુમંદિરના સમર્પણમાં હાજર રહેનાર ૨૫૦ લોકો માટે પ્રભુના નામનો મહિમા થાઓ. હાલેલુયાહ.

ગોરાટી અને દોનુબાઈ સેવા ક્ષેત્ર ખાતે યોજાયેલ મેળાઓના ફોલોઅપ કાર્યને માટે પ્રાર્થના કરીએ. બબ્બીડી અને રામભદ્રપુર ખાતે ચાલી રહેલ સુવાર્તા સભાઓ દરમિયાન પ્રભુ અદ્ભુત કાર્યો કરે માટે પ્રાર્થના કરીએ. ૯ આરાધના જૂથોમાં જ્યાં વિશ્વાસીઓની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે ત્યાં પ્રભુમંદિરના નિર્માણ કાર્ય માટે જમીન ઉપલબ્ધ થઈ શકે માટે પ્રાર્થના કરીએ.

૨૯) કર્ણાટક : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૮૨**

સુપ્રિયાના પરિવાર માટે પ્રભુની સ્તુતિ કરીએ કારણ કે પ્રભુએ પ્રાર્થના દ્વારા તેમના પરિવારને દુષ્ટ આત્માના બંધનમાંથી છૂટકારો આપ્યો છે અને ધાટબોરલ ગામમાં તેઓ શાંતિના પ્રાત્ર તરીકે બની રહ્યાં છે. પરશુરામપુરા પ્રભુમંદિરના વિસ્તરણનું કાર્ય આયોજન મુજબ હાથ ધરવામાં આવી રહ્યું છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. નાગરમનેરે વિશ્વાસીઓની સંગતમાં જોડાનાર ૨ નવા પરિવારો માટે પ્રભુની સ્તુતિ કરીએ. મોગહલ્લી સેવા ક્ષેત્ર ખાતે પ્રભુનો સ્વીકાર કરનાર કોટ્રેશનના પરિવાર માટે પ્રભુના નામનો મહિમા થાઓ.

મંથલ ગ્રામવાસીઓ જેઓ ઈશ્વરનું વચન સાંભળી રહ્યાં છે ત્યારે તેમના જીવનોનું બદલાણ થાય માટે પ્રાર્થના કરીએ. કૌશવને પ્રભુ રક્તક્ષીણતાની બીમારીથી સાજાપણું આપે માટે પ્રાર્થના કરીએ. હિરેહલ્લી ગામના દુબુગપ્પાના મૃત્યુથી કુટુંબ શોકમગ્ન છે પ્રભુ દુઃખીત કુટુંબને દિલાસો આપે માટે પ્રાર્થના કરીએ. રાજોલા સેવા ક્ષેત્રમાં પ્રભુમંદિરના નિર્માણ કાર્યને માટે જમીન પ્રાપ્ત થઈ શકે માટે પ્રાર્થના કરીએ.

૩૦) આસામ : **બાઈબલ અભ્યાસ જૂથ - ૧૭૨**

નટુન બજાર ખાતે ઈશ્વરની સેવા પ્રત્યે રસ ધરાવનારા ૩ પરિવારો માટે પ્રભુની સ્તુતિ કરીએ. સત્યપુર ખાતે વિતરણ કરવામાં આવેલા સુવાર્તાના ચોપાનિયા દ્વારા ૨૦ નવા સંપર્કો પ્રાપ્ત થઈ શક્યાં છે માટે પ્રભુના નામનો મહિમા થાઓ. કુમારબારી ખાતે રહેતા મિસિંગ લોક જૂથ મધ્યે સુવાર્તા પ્રત્યે બોજ ધરાવવા બદલ પ્રભુની સ્તુતિ કરીએ. પ્રાર્થના દ્વારા પ્રભુએ કુલીચાપોરી ગામની શિવાની ડોલીને લકવાથી સાજાપણું આપ્યું માટે પ્રભુની સ્તુતિ કરીએ.

વિશ્વાસની કબૂલાતને માટે તૈયાર થઈ રહેલા ૧૭ લોકો માટે પ્રાર્થના કરીએ. ચંદનપુર ખાતે પ્રભુના લોકોનો વિરોધ કરી રહેલા લોકો પસ્તાવો કરે માટે પ્રાર્થના કરીએ. પ્રકાશ બસુમારી જે ઘરેથી ચાલ્યાં ગયા છે તે પાછા ઘરે સહીસલામત આવે માટે પ્રાર્થના કરીએ. બ્રોથમુક ગામના જે પરિવારો દારૂના વ્યસનમાં છે તેમને પ્રભુ છૂટકારો આપે માટે પ્રાર્થના કરીએ.

Contact:
State / Area Dev. Office Address

૧. શ્રી ડાહ્યાભાઈ પરમાર (સુરત)
મો. : ૯૩૨૭૫૬૬૬૯૧

૨. શ્રી જોસફભાઈ ક્રિસ્ટી (અમદાવાદ)
મો. : ૯૪૨૯૦૫૭૧૭૯

૩. શ્રી રમણભાઈ ટી. ભાભોર (દાહોદ)
મો. : ૯૭૨૬૫૩૬૦૪૬

૪. શ્રી રેનીસનભાઈ મેક્વાન
(નડિયાદ - મણિનગર)
મો. : ૯૭૨૫૨૬૭૮૧૪

૫. શ્રી અશ્વિનભાઈ ક્રિસ્ટી (વડોદરા)
મો. : ૯૮૭૯૩૭૩૧૨૩

૬. શ્રી નરપતભાઈ વસાવા
(વાલિયા - ભરૂચ)
મો. : ૯૯૦૯૨૨૨૮૯૮

૭. શ્રી અનિલભાઈ ચૌધરી (તાપી)
મો. : ૯૯૭૮૨૫૯૯૨૧

૮. શ્રી કમલેશભાઈ ચૌધરી
(માંડવી - સુરત ફિલ્ડ)
મો. : ૯૯૨૫૮૯૫૫૯૦

Donate Online
Bank : State Bank of India
A/c. Name : VISHWA VANI
A/c. No. : 38770638909
IFC Code : SBIN0002661
Branch :
Khokhra Mehmedabad
(Ahmedaabd)

વર્તમાન સમાચાર

ધુમ્રપાન એ શારીરિક સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે હાનિકારક છે. તે ફક્ત ફેફસાંને જ નહિં પરંતુ આખા શરીરને હાનિ પહોંચાડે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુ એચ ઓ)ના અહેવાલ મુજબ દર વર્ષે તમાકુના વ્યસનના કારણે ૮૦ લાખથી વધુ લોકો ભોગ બને છે જેમાં અંદાજે ૧૩ લાખથી વધુ લોકો બિન વ્યસની છે. જેઓ અન્ય ધૂમ્રપાન કરનાર લોકોની અસર હેઠળ આવેલા લોકો હતા.

ઓ પ્રભુ, ધૂમ્રપાન અને વ્યસન કરનાર લોકોને છૂટકારો આપો.

ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન (IOM) મિસિંગ માઈગ્રન્ટ્સ પ્રોજેક્ટ દ્વારા નોંધાયેલા આંકડા અનુસાર ઓછામાં ઓછા ૮૫૬૫ લોકો વર્ષ ૨૦૨૩ દરમિયાન સ્થળાંતર કરનાર લોકો મૃત્યુ પામ્યા હતા.

જે વર્ષ ૨૦૨૨ના આંકડાની સરખામણી કરતાં ૨૦ ટકા વધુ નોંધાયો છે. વધુ જાનહાનિને રોકવા માટે તાત્કાલિક પગલા લેવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

પ્રભુ ઈસુ નોકરી, શિક્ષણ અને કુટુંબ નિર્વાહ જેવા હેતુઓ સાથે જેઓ સ્થળાંતર થયેલા છે તેમનું રક્ષણ કરો.

માર્ગ પરિવહન નિગમ અને ધોરી માર્ગ મંત્રાલયના ડેટા અનુસાર ભારતમાં વર્ષ ૨૦૨૨માં ૪૬૧૩૧૨ માર્ગ અકસ્માતો નોંધાયા છે. જેના કારણે ૧૬૮૪૯ લોકો મૃત્યુ પામ્યા હતાં. અને ૪૪૩૩૬૬ લોકો ઘાયલ થયા હતાં. આ આંકડો ૨૦૨૧ની સરખામણીમાં અકસ્માતોમાં ૧૧.૯%, મૃત્યુમાં ૯.૪% અને ઈજા પામનાર ૫.૩%નો વાર્ષિક વધારો દર્શાવે છે.

હે પ્રભુ , ડ્રાઈવરો અને મુસાફરી કરનાર લોકોનું રક્ષણ કરો અને તેમની ઢાલ બની રહો.

નોંધપાત્ર વિકાસમાં છત્તીસગઢમાં સાઉથ ઈસ્ટર્ન કાલોફિલ્ડ્સ (SECL) ની કોલસાની ખાણ તે એશિયાની સૌથી મોટી ખાણ બનવાની તૈયારીમાં છે. ખાણને તાજેતરમાં તેની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૫૨.૫ લાખ ટનથી વધારીને પ્રભાવશાળી ૭૦ લાખ લાખ ટન ઉત્પાદન કરવા માટે તાજેતરમાં પર્યાવરણીય મંજૂરી મળી છે. ગેવરા કોલસાની ખાણ ગયા વર્ષે દેશની સૌથી મોટી ખાણનો દરજ્જો પ્રાપ્ત કર્યો હતો. તે ૪૦ વર્ષથી દેશની ઊર્જા સુરક્ષામાં યોગદાન આપી રહ્યું છે.

હે ઈશ્વર, અમારા દેશમાં ઉપલબ્ધ ખનિજોની સમૃદ્ધિ માટે અમે તમારી સ્તુતિ કરીએ છીએ. પ્રભુ અમે ખાણિયાઓની સલામતી માટે પ્રાર્થના કરીએ છીએ.

સમય ઈશ્વરના હાથમાં છે :

છ મહિના પહેલા અમારા કુટુંબનો ઈસુ સાથે કોઈ સંબંધ નહોતો. અમે મિશનરી સેવક દ્વારા ઈસુના પ્રેમને જાણ્યું. તેઓ વાણીવાલામાં ઈશ્વરનું વચન વહેંચી રહ્યા હતા. ઈસુ અમારા ઘરના માલિક બન્યા. છેલ્લા ૬ મહિનામાં અમે અમારા જીવનમાં ભારે તોફાનોનો સામનો કર્યો, પરંતુ ઈસુ જે આપણને દોરી રહ્યા છે તે એક ચમત્કાર કરનાર ઈશ્વર છે. મારા પતિને ૫ ફેબ્રુઆરીના રોજ હાર્ટ એટેક આવ્યો હતો. તેમને આઈ.સી.યુ.માં દાખલ કરવામાં આવ્યા હતા. તબીબી અહેવાલો પ્રોત્સાહક ન હતા. અમે તેમને ઘરે લઈ આવ્યા. અમે તેમને ઈશ્વરને સમર્પિત કર્યા અને મિશનરી અને વિશ્વાસીઓ સાથે, અમે ઈશ્વર તરફ જોયું. માણસના દિવસોની લંબાઈ તબીબી અહેવાલો પર આધારિત નથી. તે સંપૂર્ણપણે ઈશ્વરના હાથ પર નિર્ભર છે અને મારા પતિ જીવંત સાક્ષી છે. હાલેલુયાહ ! - રાધા જસવીરસિંહ, ઉત્તરાખંડ.

પરાક્રમ ઈશ્વરનું છે !

મઠ મંડી ખાતેના બાઈબલ સ્ટડી ગ્રૂપે મને કલમનો અહેસાસ કરાવ્યો "તે પોતાનું વચન મોકલીને તેઓને સમા કરે છે, અને દુર્દશામાંથી તેમને ઉગારે છે." (ગીત.૧૦૭:૨૦). મને વર્ષોથી માથામાં સખત દુ:ખાવો થતો હતો. હું સંપૂર્ણપણે પેઈન કિલરનો વ્યસની હતી, પરંતુ તે બાબતે મને સંપૂર્ણ રાહત આપી ન હતી. હું માથું ઉપાડવા પણ સક્ષમ ન હતો અને મારી શક્તિ ગુમાવી બેઠો હતો. આ સમયે, મને ઈશ્વરના વચન દ્વારા રાહત મળી ! હું ઈસુ ખ્રિસ્તના ઘા દ્વારા સંપૂર્ણ મુક્ત થયો ! અમે ઈશ્વરના વચનને શીખવા અને મનન કરવા અમારા ગામમાં એક જૂથ તરીકે ભેગા થઈ રહ્યા છીએ અને અમે વચનમાં વૃદ્ધિ પામી રહ્યા છીએ. આપણે સ્વર્ગમાંથી આવતા માન્ના દ્વારા ખવડાવવામાં આવે છે જેના પરિણામે આંતરિક માણસનું પોષણ થાય છે. ઈશ્વરસ્તુતિ થાઓ. - સલમા, પંજાબ

ઈસુ અમારી આશા

હું છેલ્લા ૧૦ વર્ષથી શરમમાં મુકાઈ ગયો હતો, પણ મને ઈસુના ચરણોમાં દિલાસો મળ્યો. જે બાળકો અમને જન્મ્યા હતા તેઓ ક્યારેય તેમના જીવનને ટકાવી શક્યા નથી. તેઓના જન્મના બે-ત્રણ દિવસમાં તે અમારી નજર સમક્ષ મરણ પામ્યા. અમે અમારા બાળકોની સુરક્ષા માટે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ તે નિરર્થક હતું. તંત્ર વિદ્યાએ પણ અમને મદદ કરી ન હતી. અમારા ગામ દામોદરપુરમાં આવેલા મિશનરી દ્વારા અમને દિલાસો મળ્યો. છેલ્લા ૬ મહિનાથી અમારી પાસે સૌથી મોટી શાંતિ અને આરામ એ છે કે 'ઈસુ ખ્રિસ્ત અમને જીવન આપે છે અને તે અમારા ભવિષ્યમાં જન્મેલા બાળકોને ચોક્કસ જીવન આપશે. તેમણે અમને અને અમારી પેઢીને મહાન પ્રકાશ આપ્યો છે!' કૃપા કરીને અમારા માટે પ્રાર્થના કરો. - નવી માને ચાંદની

RNI REGD. NO. RN. 45021/89 | POSTAL REGD. NO. HQ/SD/182/2024-2026 - TAMIL | DATE OF PUBLICATION 20.3.2024
LICENSED TO POST WITHOUT PREPAYMENT - PMG/TS/HQR/SC-02/WPP/2024-2026
Return Requested: VISHWAVANI SAMARPAN
1-10-28/247, Anandapuram, ECIL Post, Hyderabad-500062.

પ્રાર્થના

સર્વ શક્તિમાન પિતા,
તમને પિતા તરીકે વિનંતી કરીએ છીએ.
કાયર અવાજો ન કરવા માટે અમને મદદ કરો.
વિશ્વાસી તરીકે અમે અમે કહીએ છીએ ઈશ્વર અમારી સાથે છે.
મનુષ્યના ક્રોધથી નહી ડરવા અમને મદદ કરો.
અમે જાણીએ છીએ કે પિતા અમારી દરેક જરૂરીયાત મહિમાની સંપત્તિથી પૂર્ણ કરશે.
અમારી જરૂરિયાત માટે માણસોની સામે હાથ નહી લંબાવવા માટે અમને મદદ કરો. અમારા હાથ જે જાણે છે કે ઈશ્વરના હાથ ટૂંકા નથી. સેવા કાર્યની જરૂરિયાત માટે આપવા માટે તમારા હાથ ટૂંકા થશે નહીં. જેમ અમે ખ્રિસ્તના જ્ઞાનમાં વૃદ્ધિ પામીએ છીએ, જેમ અમે ખ્રિસ્તના જ્ઞાનમાં વૃદ્ધિ પામીએ છીએ, અમને ખ્રિસ્તને પ્રગટ કરવામાં અમારી વૃદ્ધિ માટે અમને મદદ કરો.
હે પ્રભુ જેમ અમે વિશ્વાસ કરીએ છીએ કે પવિત્ર ઈશ્વર તમારી ઓળખ તે ડહાપણ છે.
દરરોજ જગતથી દૂર રહેવામાં અમને મદદ કરો.
દેહને વધસ્તંભ ઉપર જડવાને આંતરીક મનુષ્યત્વમાં પરાક્રમમાં વૃદ્ધિ પામવા પવિત્ર આત્માના ફળોની વૃદ્ધિ માટે તમારી કૃપા કરો.
આ પ્રાર્થના વાંચનાર દરેકને પ્રાર્થના દ્વારા અવરોધો દૂર કરવા
પ્રેમ દ્વારા મનુષ્ય ઉપર વિજય મેળવવા માટે
વિશ્વાસ દ્વારા સમસ્યા ઉપર વિજય મેળવવા માટે
અને સતત વિજયવંત બનવા માટે
હે પિતા અમને મદદ કરો. વિજયવંત પ્રભુ ઈસુના નામમાં માગુ છું.
આમેન.

LINGAGUDA, ODISHA - 03.03.2024

PATADI, CHHATTISGARH - 10.03.2024



CHODARAYI, A.P. - 10.03.2024

VISHWA VANI SAMARPAN - TAMIL LANGUAGE
Printed and Published by P. Selvaraj on behalf of VISHWA VANI, a registered society (Regn. No.17871 of 1987)
and printed at CAXTON Offset Pvt. Ltd., 11-5-416/3, Red Hills, HYD-04. and published at 1-10-28/247,
Anandapuram, ECIL Post, HYD-62. POSTING DATE: 23.03.2024. EDITOR: P. SELVARAJ.